**સુવિચાર**

''ગુગલ આપણે જ્યાં જવું છે ત્યાં લઈ જાય છે, જયારે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' આપણે જ્યાં જવું જોઈએ ત્યાં લઈ જાય છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-૨ વર્ષ : ૧૭ અંક : ૧૭૦



ફરસાણ • ખમણ • મીઠાઈ



**શિવ ફરસાણ** (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## આઈયે આપકા ઈંતજાર થા, દેર લગી આને મેં તુમકો શુક્ર હૈ ફિરભી આયે તો

# અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તાર ઉપર મેઘો મહેરબાન

**અમરેલીથી લઈને જાફરાબાદ, ખાંભા, બગસરા, ધારી, વડિયા સહિતનાં વિસ્તારોમાં વરસાદ**

**બાબરામાં પણ મોડી સાંજે મેઘ મહેરબાન થતાં વાતાવરણ ખૂશનુમાં બન્યું**

**ખેડૂતોમાં વરસાદનાં આગમનથી ખૂશીનો માહોલ છવાયો**

**આગામી ૩થી ૪ દિવસ સુધી વરસાદ પડવાની સંભાવનાં જોવા મળી રહી છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં ચોમાસાએ આખરે જોરદાર એન્ટ્રી કરતાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ મન મુકીને વરસી ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જ્યો છે. રાજુલા, જાફરાબાદ, ખાંભા, બગસરા, વડીયા અને અમરેલી પંથકમાં પડેલા વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. તો ખેતરોમાં પણ પાણી ભરાતા ખેડૂતોમાં રાહત જોવા મળી છે. ખાસ કરીને ગીર અને કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં સારો વરસાદ નોંધાતા આગામી વાવણી અને પાક અંગે ખેડૂતોમાં નવી આશા જાગી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### એસ.પી.ની સુચનાથી સિટી પોલીસ દ્વારા

## અમરેલીમાંથી ચોરી થયેલ બાઈકને ''નેત્રમ'' ની મદદથી શોધી કાઢવામાં આવ્યું

**રામપરા વિસ્તારમાં રહેતા આરોપીની અટકાયત**

અમરેલી, તા. ૧

અમરેલી સીટીના બુરહાની સ્ટીલ શો રૂમના ગેટની બહારથી મોટર સાયકલ ચોરીના ગુન્હાને કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી ચોર ઈસમને ચોરી કરેલ મોટર સાઈકલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.



આ બનાવમાં અમરેલીના ગાંધીબાગની પાછળ આવેલ ગાંધી પાર્ક સોસાયટીમાં રહેતા હાતિમભાઈ અબ્બાસભાઈ માંકડા નામના વેપારીએ ગત તા. ૩૦ના રોજ રાત્રીના આશરે દસેક વાગ્યે અમરેલીના બુરહાની સ્ટીલ શો રૂમના ગેટની બહાર લાલ કલરનુ સ્કૂટર નં. જી.જે.–૧૪ બીબી–૭૨૫૩ કિંમત રૂપિયા ૩૫,૦૦૦ જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

અમરેલી સીટી પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

### જમીન દફતર ખાતાનું વિકેન્દ્રીકરણ કરી તાલુકા કક્ષાએ કચેરીઓ કાર્યરત કરાઈ

## અમરેલી જિલ્લાના નાગરિકોને ડી.આઈ.એલ.આર., સીટી સર્વે કચેરીની સેવાઓ મેળવવા તાલુકા કક્ષાએ સંપર્ક કરવો

**તાલુકા કક્ષાની જમીન દફતર નિરીક્ષક કચેરીના સરનામે પત્રવ્યવહાર કરવા અનુરોધ**

અમરેલી, તા. ૧

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા જમીન દફતર ખાતાનું વિકેન્દ્રીકરણ કરી તાલુકા કક્ષાએ કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના નાગરિકોને ડી.આઈ.એલ.આર, સીટી સર્વે કચેરીની સેવાઓ મેળવવા તાલુકા કક્ષાએ સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. તાલુકા કક્ષાની જમીન દફતર નિરીક્ષક કચેરીના સરનામે પત્રવ્યવહાર કરવા તેમજ મુલાકાત કરવા અરજદારોને જણાવાયું છે.

અમરેલી શહેર અને અમરેલી ગ્રામ્ય જમીન દફતર

અનુસંધાન પાના ૬ ઉપર

## દામનગરમાં નવા બનેલ પુલમાં ગાબડા !



દામનગર જિલ્લા પંચાયતનાં માર્ગ અને મકાન વિભાગ ધ્વારા દામનગરમાં જુનો પુલ (૨૧ નાળાવાળો) તોડીને નવા બનાવાયેલા પુલ ઉપર થોડા થોડા અંતરે પડી ગયેલા ખાડાઓ કોઈનો ભોગ લે તે પહેલા બુરી દેવામાં આવે એવી માંગ ઉઠી છે. આ માર્ગ ઉપરથી સતત ૨૪ કલાક વાહનોની અવરજવર રહેતી હોય સબંધિત વિભાગ આ સમસ્યા હલ કરે, નહિતો ગમખ્વાર ઘટના બની શકે..!!


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ

The King of catcring service

**શ્યામ કેટરર્સ**

અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩

જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫

SHYAM Caterers

સ્પે. ગુજરાતી થાળી



શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ

શીગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે.બે પડવાળી રોટલી

**શ્યામ** ડાઈનીંગ હોલ એ.સી.હોલ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331

સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

**naari HOSPITAL હોસ્પિટલ**

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

**મેડીકલ ઓફીસર** (BHMS / BAMS)

દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

naarihospitalamreli@gmail.com

**सुश्रुत** આયુર્વેદ હોસ્પિટલ

ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)





હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત

➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું

➡ તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર

સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

**હાર્દિક અભિનંદન**



**શ્રી કલ્પેશભાઈ ખખ્ખર**

પ્રમુખ : શહેર ભાજપ-બાબરા

બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે આપની થયેલી નિમણુક બદલ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ...

આપના નેતૃત્વ હેઠળ સંગઠન વધુ મજબુત બનશે, કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થશે તેમજ શહેરના સર્વાંગી વિકાસ માટે આપ સમર્પિત ભાવથી કાર્ય કરશો તેવી પૂર્ણ આશા અને વિશ્વાસ વ્યકત કરીએ છીએ.....

ઈશ્વર આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને જનસેવાની અવિરત શકિત પ્રદાન કરે તેવી શુભેચ્છાઓ.....

:: શુભેચ્છક ::



**શ્રી મુનાભાઈ મલકાણ**

પ્રમુખ : બાબરા ચેમ્બર ઓફ કોમર્સ તથા સમસ્ત હોદ્દેદારો અને સભ્યશ્રીઓ

મુ. બાબરા, જી. અમરેલી

## ૩૦ વર્ષ પહેલા બનેલ ભવન અત્યંત જર્જરિત હાલતમાં આવી ગયું

# જશવંતગઢમાં સમુદાય ભવન જર્જરિત હાલતમાં પહોંચી ગયું

ભવનની દીવાલો અને છતમાં ગંભીર તિરાડો પડતાં કોઈપણ સમયે ધરાશાયી થાય તેવી સંભાવના

સમુદાય ભવન અનુસૂચિત જાતિ પરિવારો માટે સામાજિક પ્રસંગો માટેનું એકમાત્ર સ્થળ છે

ભવનનાં નવિનીકરણ માટે સરકાર તરફથી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી

સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રજૂઆત કરી



અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના જશવંતગઢ ગામની ડો. બાબાસાહેબ આંબેડકર કોલોનીમાં આવેલ આશરે ૩૦ વર્ષ જૂનું સમુદાય ભવન હાલમાં અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં પહોંચી ગયું છે. ભવનની દીવાલો અને છતમાં ગંભીર તિરાડો પડતાં તે કોઈપણ સમયે ધરાશાયી થાય તેવી ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે.

આ સમુદાય ભવન અનુસૂચિત જાતિના પરિવારો માટે લગ્ન, સામાજિક પ્રસંગો, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ બેઠકો યોજવા માટેનું એકમાત્ર સ્થળ હોવાથી લોકો જોખમ હોવા છતાં તેનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી ભવનના નવીનીકરણ કે નવા ભવનના નિર્માણ માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયના મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં ભવનની તાત્કાલિક માળખાકીય તપાસ કરાવવા, સરકારી યોજનાઓ હેઠળ જરૂરી નાણાં ફાળવી નવા સમુદાય ભવનનું નિર્માણ કરવા તથા ત્યાં સુધી જરૂરી સલામતીના પગલાં લેવા માંગ કરવામાં આવી છે.

સ્થાનિક રહેવાસીઓએ ચેતવણી આપી છે કે જો સમયસર કાર્યવાહી નહીં થાય તો કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે, જેના માટે જવાબદારી સંબંધિત તંત્રની રહેશે. તેમણે જાહેર સલામતીને પ્રાથમિકતા આપી તાત્કાલિક પગલાં લેવા સરકાર અને જિલ્લા વહીવટીતંત્રને અપીલ કરી છે.

## લોહાણા સમાજમાં ખુશીની લાગણી

# બાબરા શહેર ભાજપનાં નવનિયુક્ત પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરનું સન્માન

### રઘુવીર સેના સહિતનાં અગ્રણીઓ દ્વારા સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરા શહેર ભાજપના પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ખખ્ખરની નિમણૂક થતા લોહાણા મહાજન પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે. શહેરના સામાજિક, ધાર્મિક અને વેપારી ક્ષેત્રે સક્રિય રહેલા કલ્પેશભાઈને ભારતીય જનતા પાર્ટીએ શહેર પ્રમુખ તરીકે જવાબદારી સોંપતા સમાજના આગેવાનોમાં ખુશી જોવા મળી હતી.

આ પ્રસંગે રઘુવીર સેના સહિત લોહાણા સમાજના વરિષ્ઠ અગ્રણીઓએ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરના નિવાસસ્થાને પહોંચીને તેમને શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી શહેર સંગઠનને વધુ મજબૂત બનાવી જનસેવા અને સંગઠન કાર્યમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

અગ્રણીઓએ જણાવ્યું હતું કે બાબરા શહેરમાં ઘણા વર્ષો બાદ લોહાણા સમાજમાંથી શહેર ભાજપ પ્રમુખ તરીકે પ્રતિનિધિત્વ મળ્યું છે. અગાઉ શહેરના અગ્રણી વેપારી અને મહાજન સ્વ. પ્રમોદભાઈ રૂપારેલિયાએ શહેર ભાજપ પ્રમુખ તરીકે નોંધપાત્ર અને યાદગાર કામગીરી કરી હતી. હવે ફરી એકવાર લોહાણા સમાજના પ્રતિનિધિને આમહત્વપૂર્ણ જવાબદારી મળતા સમગ્ર સમાજમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી છે.

આ સન્માન સમારોહ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ કલ્પેશભાઈ ખખ્ખરને પુષ્પગુચ્છ, શાલ અને સન્માનચિહ્ન અર્પણ કરી તેમની ઉજજવળ કાર્યયાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરાનાં જીવાપર એપ્રોચ માર્ગનું ૨ કરોડનાં ખર્ચે રીનોવેશન કરાશે

### સ્થાનિક વાહનચાલકોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના જીવાપર અને કરીયાણા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

જીવાપર એપ્રોચ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્યના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

## પીઆઈના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજાયો

# બાબરા : પોલીસ સ્ટેશનનાં એએસઆઇ બાબુભાઈ તૈરૈયા વયમર્યાદા નિવૃત્ત થયા

### ૨૯ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક ફરજ પૂર્ણ કરી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર બાબુભાઈ તેરૈયા વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમના સન્માનમાં પોલીસ સ્ટેશન ખાતે ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પીઆઈ આર.આર. પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં સ્થાનિક પીએસઆઈઓ, પોલીસ સ્ટાફ, વકીલ મિત્રો, વેપારી અગ્રણીઓ તેમજ આમંત્રિત મહાનુભાવોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થતાં બાબુભાઈ તેરૈયાની ૨૯ વર્ષથી વધુની પોલીસ સેવાને યાદ કરી તેમના કર્તવ્યનિષ્ઠ, શિસ્તબધ્ધ અને જનમૈત્રીપૂર્ણ સ્વભાવની સૌએ પ્રશંસા કરી હતી. ખાસ કરીને બાબરા પોલીસ સ્ટેશનમાં તેમણે લાંબા સમય સુધી બજાવેલી સેવાઓને યાદ કરી ઉપસ્થિત સૌ ભાવવિભોર બન્યા હતા.

પોતાના પ્રતિભાવમાં બાબુભાઈ તેરૈયાએ પોલીસ વિભાગમાં વિતાવેલા સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે પોલીસ પરિવાર તરફથી મળેલો સહકાર, અધિકારીઓનું માર્ગદર્શન અને જનતાનો પ્રેમ તેમના જીવનની અમૂલ્ય મૂડી સમાન છે. તેમણે સમગ્ર સેવા દરમિયાન મળેલા સાથ–સહકાર બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

પ્રસંગે પીઆઈ આર.આર. પરમાર સહિતના અધિકારીઓએ બાબુભાઈ તેરૈયાની નિષ્ઠાપૂર્વકની સેવા, પ્રામાણિકતા અને જવાબદારીપૂર્વકની કામગીરીને બિરદાવી હતી તેમજ નિવૃત્તિ બાદના જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉપસ્થિત વકીલ મિત્રો અને સ્થાનિક વેપારી અગ્રણીઓએ પણ બાબુભાઈ સાથેના વર્ષો જૂના સંબંધો અને તેમના સૌજન્યપૂર્ણ વ્યવહારને યાદ કરી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

સમારંભના અંતે પોલીસ પરિવાર દ્વારા બાબુભાઈ તેરૈયાનું શાલ ઓઢાડી, ફૂલહાર, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભાવનાત્મક વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો અને ઉપસ્થિત સૌએ નિવૃત્ત બાબુભાઈ તેરૈયાને સુખમય, સ્વસ્થ અને આનંદમય નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


## ઘરોમાં પાણી ઘુસવાની અને મિલ્કતનોને નુકસાનની ભીતિ

# સાવરકુંડલામાં 'ઉંધી રકાબી' જેવી ભૌગોલિક સ્થિતિ વચ્ચે રીવરફ્રન્ટની દીવાલો જ બની મુશ્કેલીનું કારણ

### તંત્ર યુદ્ધના ધોરણે યોગ્ય નિકાલની વ્યવસ્થા કરે તેવી લોક માંગ



સાવરકુંડલા, તા. ૧

સ્થાનિક ભૌગોલિક સંરચના અને આયોજન વગરના વિકાસ કાર્યો કયારેક પ્રજા માટે મુશ્કેલીનું કારણ બની જતા હોય છે, જેનો જીવંત દાખલો હાલ સાવરકુંડલા શહેરમાં જોવા મળી રહ્યો છે. સાવરકુંડલા શહેરની એક વિશિષ્ટ ભૌગોલિક ખાસિયત એ છે કે સાવર અને કુંડલા બંને તરફનો ઢાળ શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદી તરફ આવે છે. શહેરનો આ આકાર એક 'ઊંધી રકાબી' જેવો છે, જેના કારણે ચોમાસા દરમિયાન આખા શહેરનું વરસાદી પાણી કુદરતી ઢાળને અનુસરીને ખળખળ વહેતું નાવલી નદીના પ્રવાહમાં ખાબકે છે. પરંતુ હાલમાં નાવલી નદી પર બની રહેલા રિવરફ્રન્ટની ઊંચી દીવાલો આ કુદરતી જળનિકાલના માર્ગમાં મોટો અવરોધ બની રહી છે.

સામાન્ય વ્યાખ્યા મુજબ રિવરફ્રન્ટના નિર્માણ માટે નદીના બંને કિનારાને ઊંચી આર.સી.સી. (આરસીસી) દીવાલથી સુરક્ષિત કરવામાં આવે છે. નાવલી નદીમાં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં અવારનવાર પૂર કે ઘોડપૂર આવવાના દાખલાઓ મોજૂદ છે. હવે જયારે કિનારા પર ઊંચી દીવાલો ચણી દેવામાં આવી છે, ત્યારે શહેરના વિવિધ વિસ્તારો, ઢ ોળાવો અને નાળાઓમાંથી આવતું વરસાદી પાણી નદીમાં ભળવાને બદલે આ દીવાલો સાથે ભટકાઈને રોકાઈ જાય છે.

પરિણામે, આ અવરોધાયેલું પાણી પાછું (બેક મારે છે) રહેણાંક વિસ્તારો તરફ ફરી રહ્યું છે. જો પ્રવાહ વધશે તો પાણી લોકોના ઘરોમાં ઘૂસી જશે અને જૂના મકાનો તેમજ મિલકતો ધરાશાયી થવાનું કે મોટું જોખમ સર્જાવાનું પૂરૂં જોખમ છે.

રિવરફ્રન્ટની દીવાલ બનાવતી વખતે ચોમાસાના વહેતા પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થા ન ગોઠવાતા હાલ શહેરના મહત્વના વિસ્તારો મુશ્કેલીમાં મુકાયા છે, જેમાં મુખ્યત્વે : શાશ્વત સ્કૂલ વિસ્તાર, બેઠકજી આસપાસનો વિસ્તાર, 'કાશી વિશ્વનાથ મંદિર રોડ વગેરે આ રસ્તાઓ અને તેની આસપાસના રહેણાંક વિસ્તારોના લોકોનું આવા – ગમન (ટ્રાફિક) સંપૂર્ણપણે બાધિત થાય છે. ચોમાસા દરમિયાન રસ્તાઓ જાણે કે બેટમાં ફેરવાઈ જતાં હોય તેવો માહોલ સર્જાય છે આવા સમયે દર્દીઓ, પ્રસૂતા મહિલાઓ, દેવદર્શન જતાં વૃદ્ધો અને શાળાએ જતા બાળકો માટે ચાલવું પણ અત્યંત મુશ્કેલ અને જોખમી બની જાય છે.

કોઈ મોટી હોનારત કે દુર્ઘટના સર્જાય તે પહેલાં નગરપાલિકા અને સંલગ્ન તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈ 'ઈમરજન્સી સંજ્ઞાન લેવામાં આવે તે અનિવાર્ય છે. પ્રશાસન હંમેશાં પ્રજાની સેવા અને સુખાકારી માટે જ હોય છે, ત્યારે તંત્ર સંવેદનશીલ બનીને આ પાણીના યોગ્ય નિકાલ માટે યુદ્ધના ધોરણે ગટર કે આઉટલેટની વ્યવસ્થા કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

સાવરકુંડલા વિસ્તારને લોકસેવા પ્રત્યે સતત સક્રિય અને હોશિયાર ધારાસભ્ય મળ્યા છે, ત્યારે જનતાને આશા છે કે ધારાસભ્ય પણ નગરપાલિકાને આ બાબતે યોગ્ય માર્ગદર્શન આપીને આ જટિલ સમસ્યાનો કાયમી અને ત્વરિત ઉકેલ લાવશે. વરસતાં વરસાદના ખળખળ વહેતા પાણી ડેમ પરથી ઓવરફલો થતાં પાણી કે રીમઝીમ વરસાદી દ્રશ્યો ખરેખર ખૂબ લોભામણાં લાગે. પરંતુ એ જ વર્ષારાણીનું રૌદ્ર સ્વરૂપ કેવું હોય એ દ્રશ્યો પણ આપણે કયા નથી જોયા.. અને હા, વધારે પાણી જમા થવાથી મચ્છરોને પણ ઉપદ્રવ વધે એ સ્વાભાવિક છે. નાવલીના જ ઘોડાપુરમાં નદીના વિસ્તારમાં કેટલી તારાજી સર્જી એ પણ એક ઈતિહાસ છે. અને કુદરત જયારે કોપાયમાન થાય ત્યારે તેની તમામ લીમિટો ક્રોસ કરી જાય છે. આવી પરિસ્થિતિ વખતે આમ પાણી અવરોધાય તો કેવા પરિણામો આવે એ કલ્પના કરીએ તો પણ ધ્રૂજી જવાય. માટે આ બાબતે કોઈ પણ સમયે કંઈ પણ થઈ શકે. પછી ખોટા બચાવ કરવા એ કરતા અત્યારે જ યુદ્ધના ધોરણે તેમના નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ કામગીરી ચાલુ કરી આવી પરિસ્થિતિને હલ કરવો એ જ ખરો રાજધર્મ ગણાય.. કોઈ દુર્ઘટના સર્જાઈ પછી કોઈ બચાવ કરતા સ્ટેટમેન્ટ આપવા એ કરતાજાગ્યા ત્યાંથી સવાર એ ન્યાયે તુરંત સમસ્યા હલ કરવા ચક્રો ગતિમાન કરવા એ જ રાજનીતિમાં ખરૂં શાણપણ ગણાય. અને પાણીને કોઈ વોર્ડ વિસ્તાર નથી હોતા પાણીનો કોઈ ધર્મ નથી હોતો પાણી ભારતની સરહદ વટાવી પાકિસ્તાનમાં પણ વહી શકે..!! એટલે જ કહેવત છે કે અજાણ્યા પાણી, અજાણી આગ અને અજાણી વ્યક્તિનો ભરોસો ન કરવો. પાણી જાય સલ્તનત પણ તાણી એ બાબતે સાનમાં સમજી યોગ્ય કાર્યવાહી થાય એ ઈચ્છનીય. બાકી હરિ કરે ઈ ખરી બોલો બિરબલ ખીચડી પાકે કે નહિ.? એક વાત પણ સમજવા જેવી છે કે જયારે કોઈ ડેમ બનાવવાની યોજના બને ત્યારે કેટલો વિસ્તાર ડૂબમાં જશે એનું સ્પષ્ટ આયોજન હોય છે અને આ સંદર્ભ જમીન સંપાદન થાય છે. અને વિસ્થાપિતોને યોગ્ય જગ્યાએ ખસેડવામાં આવે છે. આવી જ રીતે જયારે કોઈ પુલ કે ઓવર ફલાય બનાવવાનો હોય તો તે સંદર્ભ ડાઈવર્ઝન કયાં નીકળ શે કયાંથી આવવું અને કયાંથી જવું એ સંદર્ભ જાહેરનામું બહાર પડાય છે અને એ મુજબ રાહદારીઓ અને વાહન ચાલકોને ચાલવાનું હોય છે. તો પછી શહેરની શાન ગણાતા રિવર ફ્રન્ટ સંદર્ભ ચોમાસા દરમિયાન શહેરમાથી આવતા પાણીના નિકાલની કોઈ આગોતરી યોજના નહી વિચારાય હોય ? જો કે આ પરિસ્થિતિ સંદર્ભે સાવરકુંડલા ચીફ ઓફિસર અને પ્રમુખ બંનેનું વલણ પોઝીટીવ છે. નગરપાલિકા ઈજનેર અને નિષ્ણાતની ટીમ પાણીના નિકાલ સંદર્ભે સર્વે કરી યોગ્ય કાર્યવાહી કરશે. જો કે આ આયોજન આગોતરૂં હોવું જેઈતું હતું. ખૈર દેર આયે દુરસ્ત આયે એ ન્યાયે પણ આગામી દિવસોમાં આ વિસ્તારના નાગરિકોને ચોમાસા દરમિયાન રસ્તા ઉપર પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ આવે એ ઈચ્છનીય છે.

## ૧૯ ઓક્ટોબર–૨૫ને બદલે ૧૯ ઓક્ટોબર–૨૬માં કામ પૂર્ણ થાય તો સારૂ

# અમરેલીમાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનતા માર્ગો શોભાના ગાંઠીયા સમાન

**બાંધકામ, સમયમર્યાદા, સુરક્ષા સહિતનાં તમામ નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો**

**એક તરફ માર્ગ બનતા જાય અને બીજી તરફ માર્ગમાં તિરાડો પડતી જાય છતાં કોઈને કાંઈ પડી નથી**

**ચિતલ રોડ ઉપર માર્ગની વચ્ચે મુકાયેલ પથ્થર, રેતીના ઢગને પણ દૂર કરાતા નથી**

**એરપોર્ટ બાજુનાં માર્ગ ઉપર ૧૦૦થી ૨૦૦ મીટર સુધી મસમોટી તિરાડ પડી ગઈ**



અમરેલી, તા. ૧

અમરેલી શહેરમાં અંદાજિત રૂપિયા ૩૦ થી ૪૦ કરોડનાં ખર્ચે સરદાર સર્કલથી ઠેબી જળાશય, વરસડા બાયપાસ અને ગાવડકા ચોકડી સુધી ૩ માર્ગોનું નિર્માણ કાર્ય ઘણા મહિનાઓથી શરૂ છે અને હજુ કયારે પૂર્ણ થશે તેની ભગવાન રામ સિવાય કોઈને ખબર નથી. કારણ કે કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા કયારની પાછળ છુટી ગઈ છે.

શહેરનાં ચિતલ રોડ ઉપર અંદાજિત ૧૦ કરોડનાં ખર્ચે બનતા સરદાર સર્કલ ટુ ઠેબી જળાશય સુધીનાં માર્ગમાં વ્યાપક પ્રમાણમાં દે ધનાધન કામ શરૂ થયું ત્યારથી જોવા મળી રહી છે. એક તો શરૂઆતમાં નિયમ મુજબ જાહેર જનતાની જાણકારી અર્થે માર્ગનાં કાર્યને લગતી માહિતી દર્શાવતું હોર્ડિંગ લગાવવામાં ન આવ્યું. બાદમાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ લાજ કાઢતા ૨ નાના હોર્ડિંગ એવી રીતે લગાવવામાં આવ્યા કે શહેરીજનોની ભુલેચુકેય નજર પડવી ન જોઈએ.

જો કે વરસડા ચોકડી સુધી અને ગાવડકા ચોકડી સુધીનો માર્ગ પણ બનતો હોય તેમાં હજુ સુધી કયાંય હોર્ડિંગ જાણકારી અર્થે લગાવાયું નથી અને માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને નિયમનું પાલન કરાવવાની કોઈ જરૂરી લાગતી ન હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

દરમિયાનમાં ચિતલ રોડ ઉપર "નાયરા" પેટ્રોલ પંપની સામે મસમોટી તિરાડ પડી ગયેલ ત્યાં પૂનઃ બાંધકામ કરાયુ તો તે તિરાડ વિકાસ કરીને આગળ વધીને છેક પેવેલિયન સુધી ક્રમશઃ આગળ વધી રહી છે. તો માર્ગની પેલે પાર પણ શરૂઆતથી જ શહેરીજનોની સુરક્ષાને નેવે મુકીને ધુમધડાકાભેર કામ શરૂ થયું જયાં, વરસાદી પાણીનો કયાંય નિકાલ થશે, તેની કાળજી લેવામાં ન આવી તો હજુ સુધી ડીવાઈડર માટેનાં પથ્થર માર્ગમાં નડતરરૂપ પડયા છે. તો કયાંક માટીનાં ઢગ પણ માર્ગની વચ્ચે જોવા મળી રહ્યા છે.

જનતા જનાર્દનનાં પરસેવાના પૈસાથી બનતા માર્ગોનું નિયમ મુજબ કામ થાય તેવું માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ ઈચ્છતા ન હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતાનો ભરપુર લાભ અધિકારીઓ અને બાંધકામ એજન્સી લઈ રહી છે. કારણ કે માર્ગનું કામ ઓકટોબર–૨૫ માં પૂર્ણ કરવાની સમય મર્યાદા હતી પરંતુ, ઓકટોબર–૨૬માં કામ પૂર્ણ થશે કે કેમ તે પણ જોવું રસપ્રદ રહેશે.

### બી.ફાર્મ સેમ.–૮ની પરીક્ષામાં

## અમરેલી : શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ યુનિવર્સિટીમાં અગ્રસ્થાને

**અંજલી ભાડ, સ્નેહા તન્વાણી અને દ્રષ્ટિ ટીંબડીયા અગ્રેસર**







અમરેલી, તા. ૧

અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજનુ તાજેતરમાં બી.ફાર્મ સેમ–૮ની પરીક્ષામાં સર્વશ્રેષ્ઠ ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની અંજલી ભાડ, સ્નેહા તન્વાણી અને દ્રષ્ટિ ટીંબડીયા અગ્રેસર રહી છે ટ્રસ્ટીગણ અને સ્ટાફ પરિવારે તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.

### બ્રહ્મસમાજના યુવા અગ્રણી અને વિદ્વાન ભુદેવને શહેર સંગઠનની જવાબદારી

## બાબરા શહેર ''આમ આદમી પાર્ટી''ના પ્રમુખ તરીકે મિહિર તૈરૈયાની વરણી

**સામાજિક અને રાજકીય વર્તુળોમાં ખુશીની લાગણી**

બાબરા, તા. ૧

બાબરાના આમ આદમી પાર્ટી દ્વારા બાબરા શહેરના પ્રમુખ તરીકે બ્રહ્મસમાજના યુવા અગ્રણી તથા વિદ્વાન ભુદેવ મિહિર તેરૈયાની નિમણૂંક કરવામાં આવતા શહેરમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. પક્ષના ઉચ્ચ નેતૃત્વ દ્વારા તેમના પર વિશ્વાસ વ્યક્ત કરી શહેર સંગઠનની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતા વિવિધ સામાજિક, રાજકીય અને ધાર્મિક આગેવાનો સહિત કાર્યકરો દ્વારા તેમની વરણીને હર્ષભેર આવકારી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



મિહિર તેરૈયા લાંબા સમયથી સમાજ સેવા, યુવાનોને સંગઠિત કરવા તેમજ જનહિતના પ્રશ્નોમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તેમની સેવાભાવી કાર્યશૈલી, સરળ સ્વભાવ અને લોકો સાથેના સતત સંપર્કને ધ્યાનમાં રાખી પક્ષ દ્વારા તેમને આ જવાબદારી સોંપવામાં આવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

શહેર પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકાર્યા બાદ મિહિર તેરૈયાએ પક્ષના વરિષ્ઠ નેતાઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેઓ પક્ષની વિચારધારાને વધુ મજબૂત બનાવી શહેરના દરેક વિસ્તાર સુધી સંગઠનને સક્રિય કરશે તેમજ સામાન્ય નાગરિકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી પક્ષને વધુ મજબૂત બનાવવા માટે સમર્પિત ભાવથી કાર્ય કરશે.

તેમની નિમણૂંકને પગલે શહેરના વિવિધ સામાજિક સંગઠનો, બ્રહ્મસમાજના આગેવાનો, યુવાનો અને રાજકીય અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સમગ્ર બાબરા શહેરમાં તેમની વરણીને આવકારતી સકારાત્મક પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંર્પક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦


















### ગુજરાત સરકારની અનોખી પહેલ

# ગુજરાત રાજ્યના ૧.૮૯ કરોડ બાળકોનો બનશે હેલ્થ પાસપોર્ટ

## જન્મથી ૧૮ વર્ષ સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી, પોષણનું સ્તર અને બીમારીઓનું ટ્રેકિંગ હવે એક જ ડોક્યુમેન્ટમાં; રાજ્યની ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમો કરશે કામગીરી

ગાંધીનગર, તા.૧

સ્વસ્થ ભારત ના નિર્માણ માટે સ્વસ્થ બાળપણ ને મૂળભૂત આધાર ગણીને ગુજરાત સરકારે બાળકોના આરોગ્યલક્ષી ભવિષ્ય માટે એક અનોખી અને ઐતિહાસિક પહેલ હાથ ધરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના ૦ થી ૧૮ વર્ષની વયના તમામ બાળકો માટે વિશેષ હેલ્થ પાસપોર્ટ બનાવવાનો નિર્ણય લેવાયો છે. ગત ૨૭ જૂન, ૨૦૨૬ ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં આ મહત્વાકાંક્ષી રાજ્યવ્યાપી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના આશરે ૧.૮૯ કરોડ બાળકોની મેડિકલ હિસ્ટ્રી અને સ્વાસ્થ્યની તમામ વિગતો એક જ દસ્તાવેજમાં સુરક્ષિત રાખવામાં આવશે. સ્કૂલ હેલ્થ – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) અંતર્ગત હાલમાં રાજ્યમાં ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે, જે દર વર્ષે આશરે ૧.૮૯ કરોડ બાળકોનું ચેકઅપ કરે છે. અગાઉ આ હેલ્થ ચેકઅપનો ડેટા માત્ર ડિજિટલ પોર્ટલ પર જ ઉપલબ્ધ રહેતો હતો, પરંતુ હવે વાલીઓ અને બાળકોને એક ફિઝિકલ હેલ્થ પાસપોર્ટ પણ આપવામાં આવશે.

વાલીઓની સુવિધા માટે આ પ્રક્રિયા એકદમ સરળ રાખવામાં આવી છે. આ પાસપોર્ટ બનાવવા માટે માતા-પિતાએ કોઈ જ વધારાના દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં. આંગણવાડી, શાળા, મદરેસા, ગુરુકુળ અને સ્પેશિયલ સ્કૂલોમાં આરોગ્ય ટીમો દ્વારા હેલ્થ સ્ક્રીનિંગ અને ડિજિટલ ડેટા એન્ટ્રી થયા બાદ તરત જ સ્થળ પર જ બાળકને આ પાસપોર્ટ સોંપી દેવામાં આવશે.આ કોઈ સામાન્ય હેલ્થ કાર્ડ નથી, પરંતુ બાળકની પર્સનલ મેડિકલ હિસ્ટ્રી રજૂ કરતો એક માસ્ટર દસ્તાવેજ (Master Document) છે. તેમાં SH-RBSK અંતર્ગત આવરી લેવાયેલી ચાર મુખ્ય કેટેગરી (4D) નું સંપૂર્ણ અપડેટ હશે:

Defects at birth (જન્મજાત ખામીઓ)

Diseases (બીમારીઓ)

Deficiencies (પોષણની ઉણપ)

Developmental delays (વિકાસમાં વિલંબ અથવા વિકલાંગતા)

આ ઉપરાંત, બાળકની શારીરિક અને માનસિક વૃદ્ધિ, પોષણનું સ્તર, રેફરલ સર્વિસીસ, સ્વાસ્થ્ય સંબંધિત ટિપ્સ, જીવનશૈલી અંગેની સલાહ તથા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર્સ પણ આ પાસપોર્ટમાં સામેલ હશે. સરળ શબ્દોમાં કહીએ તો, પરિવારને બાળકના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી દરેક નાની-મોટી માહિતી હવે એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.

સરળતા ખાતર હેલ્થ પાસપોર્ટને દર વર્ષે રિન્યૂ કરવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ૫ વર્ષ સુધીના અને શાળાએ ન જતા બાળકોના પાસપોર્ટને સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના મેડિકલ ઓફિસર દ્વારા રિન્યૂ કરવામાં આવશે. જ્યારે, શાળાએ જતા વિદ્યાર્થીઓનું કાર્ડ જે-તે શાળાના આચાર્ય (Principal) દ્વારા રિન્યૂ કરાશે.આ પહેલની સૌથી મોટી વિશેષતા તેનું ડિજિટલ ઈન્ટિગ્રેશન છે. ફિઝિકલ પાસપોર્ટને SH-RBSK ડિજિટલ પોર્ટલ સાથે સંપૂર્ણ રીતે લિંક કરવામાં આવશે. જો કોઈ કારણોસર ફિઝિકલ હેલ્થ પાસપોર્ટ ખોવાઈ જાય કે ફાટી જાય, તો મોબાઈલ હેલ્થ ટીમની મદદથી નવો પાસપોર્ટ આસાનીથી મેળવી શકાશે.

### ગૃહ મંત્રાલયનો ઐતિહાસિક નિર્ણય

# FIR થી લઈ ચાર્જશીટ સુધી બધુ જ ઓનલાઈન

## એફઆઈઆરથી લઈને ચાર્જશીટ સુધીની તમામ તપાસ ડિજિટલ લોગ અને ઇલેક્ટ્રોનિક રેકોર્ડ દ્વારા થશે

નવી દિલ્હી, તા.૧

દેશમાં ત્રણ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ પૂર્ણ થવા પર ગૃહ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક એવિડન્સ ઈન્વેસ્ટિગેશન પર મોટો નિર્ણય લીધો છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરમાં પોલીસ દ્વારા ડિજિટલ ઈન્વેસ્ટિગેશનની વ્યવસ્થા કરવામાં આવશે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાં ત્રણ નવા કાયદા લાગુ થયા બાદ ન્યાયિક પ્રણાલીમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે.

દેશમાં ત્રણ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ પૂર્ણ થવા પર ગૃહ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક એવિડન્સ ઈન્વેસ્ટિગેશન પર મોટો નિર્ણય લીધો છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરમાં પોલીસ દ્વારા ડિજિટલ ઈન્વેસ્ટિગેશનની વ્યવસ્થા કરવામાં આવશે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાં ત્રણ નવા કાયદા લાગુ થયા બાદ ન્યાયિક પ્રણાલીમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે.

૧ જાન્યુઆરી ૨૦૨૭ થી દેશભરના સંબંધિત પોલીસ સ્ટેશનોમાં આનું ઈલેક્ટ્રોનિક રેકોર્ડ રાખવામાં આવશે. કેસમાં આ ઈલેક્ટ્રોનિક ડિજિટલ ઈન્વેસ્ટિગેશન એફઆઈઆર (FIR) નોંધવાર્થી લઈને ચાર્જશીટ દાખલ કરવા સુધી રહેશે. ઉલ્લેખનીય છે કે દેશમાં ૧ જુલાઈ ૨૦૨૪ ના રોજ ત્રણ નવા ફોજદારી કાયદા - ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSA) લાગુ કરવામાં આવ્યા હતા. ૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ આ કાયદાઓએ સફળતાપૂર્વક બે વર્ષ પૂર્ણ કર્યા છે. આ કાયદાઓએ અંગ્રેજોના સમયના IPC, CrPC અને Evidence Act નું સ્થાન લીધું છે.

નવા કાયદા લાગુ કરવામાં આ રાજ્યો ટોપ પરઃ નવા કાયદા લાગુ થયાના બે વર્ષ બાદ હરિયાણા, ગોવા, આસામ, ચંદીગઢ અને પંજાબ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવા કાયદા આવ્યા બાદ કેસની તપાસનો સરેરાશ સમય ૨૫ ટકા જેટલો ઘટી ગયો છે. હવે ખૂબ જ સરળતાથી 'ઝીરો એફઆઈઆર' નોંધવામાં આવી રહી છે અને મોટાભાગની એફઆઈઆર ડિજિટલ માધ્યમથી થઈ રહી છે.

કેસની ટાઈમલાઈન થઈ સેન્ટ્રલાઈઝઃ હવે કાયદાકીય સમયમર્યાદા (ટાઈમલાઈન) મુજબ જ તપાસ આગળ વધી રહી છે અને કેસની ટાઈમલાઈન સેન્ટ્રલાઈઝ થઈ ગઈ છે. સાયન્ટિફિક અને ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન સંપૂર્ણપણે લાગુ થઈ ગયું છે. સમગ્ર ન્યાય સંહિતાનું અમલીકરણ નાગરિક કેન્દ્રિત (Citizen Centric) બની ચૂક્યું છે. બે વર્ષમાં ૭૪.૬૬ લાખ FIR નોંધાઈઃ માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં દેશમાં ૭૪.૬૬ લાખ એફઆઈઆર નોંધાઈ છે. ૬૦ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવાનો દર છેલ્લા બે વર્ષમાં ૫૦ ટકાથી વધીને ૬૭ ટકા થઈ ગયો છે. આ સિવાય, જાતીય ગુનાઓ (યૌન અપરાધો) માં ચાર્જશીટ દાખલ કરવાનો દર આ બે વર્ષોમાં ૪૪ ટકાથી વધીને સીધો ૭૫ ટકા પર પહોંચી ગયો છે.

### મકાન માલિકોને હાઈકોર્ટનો ઝટકો

# મકાન માલિક ભાડુઆતની સિક્યોરિટી ડિપોઝિટમાંથી બેફામ પૈસા નહીં કાપી શકે

## દિલ્હી હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે કલરકામ કે સામાન્ય તૂટ-ફૂટના નામે ડિપોઝિટમાંથી કપાત ન થઈ શકે

નવી દિલ્હી, તા.૧

દિલ્હી હાઈકોર્ટે ભાડુઆતોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા મકાન માલિકોની મનમાની પર મોટી રોક લગાવી છે. અદાલતે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, મકાન ખાલી કરતી વખતે ભાડુઆત દ્વારા જમા કરાવવામાં આવેલી સિક્યોરિટી ડિપોઝિટમાંથી દીવાલોના કલરકામ, વ્હાઈટવોશ કે સામાન્ય તૂટ-ફૂટના નામે મકાન માલિક બેફામ પૈસા કાપી શકશે નહીં. કોર્ટે નોંધ્યું છે કે, ડિપોઝિટમાંથી કપાત ત્યારે જ માન્ય ગણાશે જ્યારે મકાનને થયેલું નુકસાન ગંભીર પ્રકૃતિનું હોય અથવા તે જાણીજોઈને કરવામાં આવ્યું હોય.કોર્ટે કાયદાકીય જોગવાઈઓને સ્પષ્ટ કરતા જણાવ્યું કે, ભાડુઆત પાસેથી માત્ર એવા જ નુકસાનનું વળતર વસૂલ કરી શકાય છે, જે મકાનના સામાન્ય વપરાશ કરતાં વધુ હોય. મકાન માલિકે કોર્ટમાં એ સાબિત કરવું પડશે કે નુકસાન ખરેખર ભાડુઆતની બેદરકારીના કારણે જ થયું છે. આ ઉપરાંત, રિપેરિંગ પાછળ થયેલો ખર્ચ વાજબી અને જરૂરી હતો તે પણ રસીદો અને બિલો દ્વારા દર્શાવવું પડશે. કોઈપણ પ્રકારના નક્કર પુરાવા વિના સિક્યોરિટી ડિપોઝિટમાંથી મનસ્વી રીતે કપાત કરી શકાશે નહીં.

આ ઐતિહાસિક ચુકાદો તાજેતરમાં મેસર્સ રિટસ હેરિટેજ અને અન્ય વિરુદ્ધ સંગીતા ગુપ્તા ના કેસમાં આપવામાં આવ્યો છે. આ કેસમાં મકાન માલિકે કોર્ટ સમક્ષ દાવો કર્યો હતો કે ભાડુઆત મકાન ખાલી કરીને ગયા બાદ, મકાનને થયેલા ગંભીર નુકસાનના રિપેરિંગ પાછળ ૭ લાખ રૂપિયાનો જંગી ખર્ચ કરવો પડ્યો હતો. માલિકના દાવા મુજબ, આ રકમમાંથી ૪.૫ લાખ રૂપિયા માત્ર ભાડે આપવામાં આવેલા બીજા અને ત્રીજા માળના રિનોવેશન માટે વપરાયા હતા. પોતાના દાવાને સમર્થન આપવા માટે માલિકે બિલ, ઈન્વોઈસ અને મકાન ખાલી થયા પછીના ફોટોગ્રાફસ અદાલતમાં રજૂ કર્યા હતા.દિલ્હી હાઈકોર્ટે રજૂ કરવામાં આવેલા તમામ પુરાવાઓ અને ફોટોગ્રાફસની બારીકાઈથી તપાસ કરી હતી. તપાસ દરમિયાન કોર્ટે નોંધ્યું કે મકાનમાંથી વીજળીના કેટલાક ફિટિંગ્સ હટાવી લેવામાં આવ્યા હતા અને મિલકતને એવું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું જેને સામાન્ય વપરાશનો ભાગ માની શકાય નહીં. આ આધારે કોર્ટે સ્વીકાર્યું કે જો ભાડુઆતની બેદરકારીથી મકાનને આંતરિક કે બાહ્ય રીતે સામાન્ય કરતાં વધુ નુકસાન થાય, તો માલિક તેની પાસેથી વળતર વસૂલવા હકદાર છે. ચુકાદાનો મુખ્ય સારઃ આ નિર્ણયથી એ વાત એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે કે ઘર ખાલી કરાવતી વખતે મકાન માલિકો માત્ર પેઈન્ટિંગ કે સામાન્ય જાળવણીના બહાને ભાડુઆતની ડિપોઝિટ જપ્ત કરી શકશે નહીં. સમગ્ર નિર્ણય એ બાબત પર નિર્ભર રહેશે કે નુકસાન માત્ર સામાન્ય તૂટ-ફૂટ છે કે પછી ખરેખર ભાડુઆતની ગંભીર બેદરકારીના કારણે થયું છે.

### SITને મળ્યા પુરાવા, અનિલ મિશ્રા પર સકંજો કસાશે

# અયોધ્યા રામ મંદિરમાં નોકરી માટે પણ કમિશનખોરી?

## ૧૨૫ થી વધારે કર્મચારી મિશ્રાની ભલામણથી આવ્યા હતા

અયોધ્યા, તા.૧

અયોધ્યાના રામ મંદિરના દાનના નાણાંમાં થયેલી કથિત ચોરી અને ગેરરીતિના કેસમાં તપાસ આગળ વધતા પૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રાની મુશ્કેલીઓ વધી રહી છે.કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ને શંકા છે કે મંદિરમાં થયેલી કર્મચારીઓની ભરતીમાં પણ ગેરરીતિ થઈ હોઈ શકે છે. તપાસમાં સામે આવ્યું છે કે લગભગ ૧૨૫ કર્મચારીઓને અનિલ મિશ્રાની ભલામણના આધારે નોકરી આપવામાં આવી હતી. હવે તપાસ એ દિશામાં પણ ચાલી રહી છે કે શું નોકરી અપાવવાના બદલામાં કમિશન અથવા લાંચ લેવામાં આવી હતી.સૂત્રોના જણાવ્યા મુજબ, આ ૧૨૫ કર્મચારીઓમાં અનિલ મિશ્રાના કેટલાક સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ, ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને અનિલ મિશ્રાએ તાજેતરમાં જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. SIT બંનેની અગાઉ પૂછપરછ પણ કરી ચૂકી છે. તપાસ દરમિયાન અનિલ મિશ્રાની આવક અને સંપત્તિની પણ તપાસ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટી બન્યા બાદ તેમની સંપત્તિમાં કેટલો વધારો થયો તેની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આ કેસમાં ઝડપાયેલા અનુકલ્પ અને લવકુશ નામના બે આરોપીઓ પણ અનિલ મિશ્રાના સંબંધીઓ હોવાનું સામે આવ્યું છે.પોલીસ અત્યાર સુધીમાં આ કેસમાં આઠ આરોપીઓની ધરપકડ કરી ચૂકી છે. ઝઝ્ફ ફૂટેજના આધારે તેમની ઓળખ થઈ હતી. પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે દાનની ગણતરી થતા રૂમની એક ચાવી આરોપી ટિન્નુ યાદવ પાસે હતી. જ્યારે બીજી ચાવી બેંક અધિકારીઓ પાસે રહેતી હતી. આરોપ છે કે કેટલાક બેંક કર્મચારીઓની સાંઠગાંઠથી દાનના નાણાંની હેરાફેરી કરવામાં આવતી હતી.આરોપીઓએ પોલીસને જણાવ્યું કે તેઓ કેમેરાની નજરથી બચવા માટે ખાસ રીત અપનાવતા હતા. એક વ્યક્તિ રોકડની ગડ્ડીઓ ઉઠાવતો અને અન્ય લોકો તેની આસપાસ ઊભા રહી CCTVની નજરમાં આવતા બચી જતા હતા. ત્યારબાદ નાણાંને બાથરૂમમાં છુપાવી યોગ્ય સમયે બહાર લઈ જવામાં આવતા હતા. નિયમ મુજબ, રામ મંદિરમાં મળતા રોકડ દાનની ગણતરીની જવાબદારી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની દેખરેખ હેઠળ ૧૪ સભ્યોની ટીમ સંભાળે છે. તેમ છતાં કથિત આંતરિક સાંઠગાંઠના કારણે આ મોટું કૌભાંડ સામે આવતા હવે સમગ્ર મામલે SIT ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

### ટ્રમ્પે કહ્યું 'નવો કાયદો લાવીને સિસ્ટમ બદલીશું'

# ટ્રમ્પે જન્મજાત નાગરિકતા અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી

## તેમણે કોંગ્રેસને તાત્કાલિક કાયદો પસાર કરવા વિનંતી કરી અને પોતાનો સંપૂર્ણ ટેકો આપવાનું વચન આપ્યું

વોશિંગ્ટન, તા.૧

યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મજાત નાગરિકતા અંગે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. યુએસ સુપ્રીમ કોર્ટે જન્મજાત નાગરિકતાના સિદ્ધાંતને સમર્થન આપ્યું છે. આ નિર્ણય બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે આ અમેરિકા માટે સારું નથી, પરંતુ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કોંગ્રેસમાં કાયદો રજૂ કરીને આ સિસ્ટમ બદલી શકાય છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા, ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું હતું કે, ''સુપ્રીમ કોર્ટે જન્મજાત નાગરિકતાને સમર્થન આપ્યું છે, જે આપણા દેશ માટે ખૂબ જ ખરાબ છે, પરંતુ આપણે કોંગ્રેસમાં કાયદો પસાર કરીને તેને સરળતાથી બદલી શકીએ છીએ. લાંબા બંધારણીય સુધારાની કોઈ જરૂર નથી. કોંગ્રેસે આજથી જ આ ખર્ચાળ અને અન્યાયી સિસ્ટમને દૂર કરવા માટે કામ શરૂ કરવું જોઈએ. તેમને મારો સંપૂર્ણ ટેકો રહેશે.''આ કેસમાં ટ્રમ્પ દ્વારા તેમના બીજા કાર્યકાળના પહેલા દિવસે હસ્તાક્ષર કરાયેલ એક એક્ઝિક્યુટિવ ઓર્ડરનો સમાવેશ થાય છે. આ આદેશનો હેતુ એવા બાળકોને અમેરિકન નાગરિકતા આપવાથી રોકવાનો હતો જેમના માતાપિતા ગેરકાયદેસર રીતે અથવા કામચલાઉ વિઝા પર અમેરિકામાં હતા. સુપ્રીમ કોર્ટે ૬-૩ બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે અમેરિકાની ધરતી પર જન્મેલા લગભગ તમામ બાળકોને નાગરિકતા આપવામાં આવશે. અગાઉ, નીચલી અદાલતોએ પણ ટ્રમ્પના આદેશને અવરોધિત કર્યો હતો.મુખ્ય ન્યાયાધીશ જોન રોબર્ટ્સે બહુમતીનો નિર્ણય લખતા જણાવ્યું હતું કે અમેરિકામાં જન્મેલા બાળકો જેમના માતાપિતા ગેરકાયદેસર રીતે અથવા કામચલાઉ રીતે દેશમાં છે તેઓ યુએસ કાયદાના અધિકારક્ષેત્રને આધીન છે અને બંધારણના ૧૪મા સુધારા હેઠળ જન્મ સમયે નાગરિક બને છે. સુપ્રીમ કોર્ટના નિર્ણયમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે જન્મજાત અધિકારને નાગરિકતામાં બદલવા માટે બંધારણીય સુધારાની જરૂર પડી શકે છે. ૧૪મા સુધારાને ટાંકીને કોર્ટે જણાવ્યું હતું કે, ખૂબ જ મર્યાદિત અપવાદો સાથે, અમેરિકામાં જન્મેલા દરેક વ્યક્તિ નાગરિક છે.યુએસ ન્યાય વિભાગે જણાવ્યું હતું કે તે ગેરકાયદેસર ''જન્મ પર્યટન'' યોજનાઓ પર કાર્યવાહી ચાલુ રાખશે. વિભાગે જણાવ્યું હતું કે બાળકો માટે સ્વચાલિત નાગરિકતા મેળવવા માટે કાયદાનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરનારાઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. જન્મજાત નાગરિકતાને રદ કરતો આ આદેશ ટ્રમ્પ વહીવટીતંત્રના વ્યાપક ઈમિગ્રેશન કાર્યવાહીનો એક ભાગ હતો. તે ટ્રમ્પના બીજા કાર્યકાળની મુખ્ય નીતિઓમાંની એક હતી જે અંતિમ ચુકાદા માટે સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી.

### હવે ED કરશે તપાસ

# રામ મંદિરમાં મહાકુંભ મેળા દરમિયાન સૌથી મોટી ચોરી

## આ દરમિયાન જીજા-સાળાની જોડી લવકુશ મિશ્રા અને અનુકલ્પ મિશ્રાએ સૌથી વધારે રકમની ચોરી કરી છે

અયોધ્યા, તા.૧

રામ મંદિરમાંથી દાનની ચોરી અંગે એક મોટો ખુલાસો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અયોધ્યા પોલીસની તપાસમાં ખુલાસો થયો છે કે મહાકુંભ મેળા દરમિયાન રામ મંદિરમાં સૌથી વધુ ચોરીઓ થઈ હતી.અયોધ્યા પોલીસે આ મામલે તપાસ માટે ઈડીને પણ પત્ર લખશે. પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા ૮ આરોપીઓમાંથી કેટલાક આરોપીઓ કુંભ પહેલા નાની-મોટી ચોરી કરતા હતા.પરંતુ મહાકુંભ દરમિયાન મંદિરમાં ચઢાવો અને દાનની રકમ વધારે થતી હતી. જેનો આરોપીઓ સાથે મળી ફાયદો ઉઠાવ્યો હતો અને ચોરી કરી હતી. પોલીસે દાવો કર્યો કે, ચોરીનું સંપૂર્ણ શ્રડયંત્ર ૮ આરોપીઓ સાથે મળી કરતા હતા. તપાસમાં સામે આવ્યું કે, જીજાજી-સાળાની જોડી લવકુશ મિશ્રા અને અનુકલ્પ મિશ્રાએ સૌથી વધારે ચોરી કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર ચોરીના પૈસામાં સૌથી વધારે સંપત્તિ પણ આ જોડીએ ખરીદી છે. અત્યારસુધીની તપાસમાં બંને જોડીની મોટાભાગની સંપત્તિ વિશેની જાણકારી પોલીસને મળી છે.અયોધ્યા પોલીસ આરોપીઓના નાણાકીય વ્યવહારો અને મિલકતોની સંપૂર્ણ તપાસ કરવા માટે આવકવેરા વિભાગની પણ મદદ લઈ રહી છે. તપાસ દરમિયાન, કેટલાક જીૈ કર્મચારીઓની ભૂમિકા પણ પોલીસ શંકાના દાયરામાં આવી છે.અયોધ્યા પોલીસે આ મામલાની તપાસ માટે ઈડીને પત્ર લખશે. જેનાથી મની ટ્રેલ અને નાણાકીય લેવડ-દેવડની તપાસ થઈ શકે. સૌથી વધારે પૈસા અવિનાશ શુક્લાના પાસેથી આવ્યા છે. ચંપત રાય અને અનિલ મિશ્રાની મુશ્કેલી વધી ગઈ છે. તપાસ હવે ટ્રસ્ટના સંચાલન અને દાન વ્યવસ્થાપન પ્રણાલી સુધી વિસ્તરી છે. પોલીસ સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે.તમને જણાવી દઈએ કે, મહાકુંભની શરુઆત ૧૩ જાન્યુઆરી ૨૦૨૫થી થઈ હતી. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ની સાથે મહાશિવરાત્રીના દિવસે પૂર્ણ થઈ હતી. કુલ ૪૪-૪૫ દિવસ સુધી ચાલેલા આ મહાકુંભમાં ૬૦ કરોડથી વધારે લોકોએ આસ્થાની ડુબકી લગાવી હતી. શરુઆતમાં ૪૦-૪૫ કરોડનું અનુમાન હતુ. પરંતુ ધીમે ધીમે આ આંકડો વધતો ગયો. છેલ્લા દિવસે વધારે ભીડ રહી હતી. આ દુનિયાનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો હતો. ઉત્તર પ્રદેશ સરકાર અને વહીવટીતંત્રે ખૂબ જ વ્યવસ્થિત રીતે બધી વ્યવસ્થા કરી હતી.

### કેન્દ્ર સરકાર કરશે તપાસ

# WhatsAppના નવા User ID ફીચરથી ફ્રોડ વધવાની આશંકા

નવી દિલ્હી, તા.૧

વોટ્સએપે તાજેતરમાં જ મોબાઈલ નંબર વગર અન્ય લોકો સાથે વાત કરવા માટે નવું યુઝરનેમ ફીચર લોન્ચ કર્યું છે. કંપનીનો દાવો છે કે, આનાથી યુઝર્સની પ્રાઈવસી મજબૂત થશે. જોકે ભારત સરકાર આ ફીચરને લઈને સતર્ક થઈ ગઈ છે અને તેની સુરક્ષા પાસાઓની તપાસ કરવાની તૈયારી કરી રહી છે. સરકારને આશંકા છે કે, આ ફીચરના કારણે ઓનલાઈન ફ્રોડ અને ફેક આઈડીના કિસ્સાઓ વધી શકે છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર એ સમજવા માંગે છે કે, આ સુવિધા સાયબર અપરાધીઓ માટે નવું હથિયાર તો નહીં બની જાય ને. જો તપાસમાં કોઈ ગંભીર ખામી કે સુરક્ષા સંબંધિત સમસ્યા સામે આવશે તો વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને નોટિસ પણ મોકલવામાં આવી શકે છે. આ ફીચર જાણીતી એપ ટેલિગ્રામની જેમ જ કામ કરે છે. અત્યાર સુધી વોટ્સએપ પર વાત કરવા માટે મોબાઈલ નંબર જરૂરી હતો પરંતુ હવે યુઝર માત્ર પોતાના યુઝરનેમ દ્વારા પણ વાતચીત શરૂ કરી શકશે. આનાથી અજાણ્યા લોકો સાથે નંબર શેર કરવાની જરૂર નહીં પડે અને યુઝરનો મોબાઈલ નંબર સામેવાળી વ્યક્તિને દેખાશે નહીં.સરકારી અધિકારીઓનું માનવું છે કે જો કોઈ વ્યક્તિ અન્ય કોઈના નામ જેવું યુઝરનેમ બનાવી લે અથવા પોતાની સાચી ઓળખ છુપાવીને લોકોનો સંપર્ક કરે તો ઓનલાઈન ઠગાઈની નવી રીતો સામે આવી શકે છે. અગાઉ ટેલિગ્રામ પર પણ ફેક યુઝરનેમ અને નકલી પ્રોફાઈલ દ્વારા છેતરપિંડીના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. સોશિયલ મીડિયા પર પણ લોકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે કોઈ કંપની કે સેલિબ્રિટીના નામ મળતા આવતા યુઝરનેમ બનાવીને લોકોને ભ્રમિત કરી શકાય છે.સામે પક્ષે વોટ્સએપનું કહેવું છે કે દરેક યુઝરનેમ યુનિક હશે. કોઈ નકલ ન કરી શકે તે માટે કેટલાક હાઈ-પ્રોફાઈલ નામો પહેલેથી જ સુરક્ષિત રાખવામાં આવશે. આ સિવાય કંપની કોઈ પબ્લિક યુઝરનેમ ડિરેક્ટરી પણ બનાવવાની નથી, એટલે કે કોઈ પણ વ્યક્તિનું યુઝરનેમ જાણીતું હશે તો જ તેનો ઉપયોગ કરી શકાશે.

# ભારત અંગે ટ્રમ્પ સરકારનો નિર્ણય, ૪ કંપની સામેથી પ્રતિબંધ હટાવ્યા

## ટ્રેડ ડીલ માટેની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે યુનાઇટેડ સ્ટેટ્સે ચાર ભારતીય કંપનીઓ પરના પ્રતિબંધો હટાવ્યા

વોશિંગ્ટન, તા.૧

ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવાની તૈયારીઓ વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સે ભારતીય કંપનીઓને નોંધપાત્ર રાહત આપી છે. અહેવાલ છે કે ચાર કંપનીઓને ટ્રેઝરી પ્રતિબંધોની યાદીમાંથી દૂર કરવામાં આવી છે. નોંધપાત્ર રીતે, રશિયા સાથે કામ કરવા બદલ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. યુનાઈટેડ સ્ટેટ્સે તાજેતરમાં સ્પેશિયલી ડેઝિગ્નેટેડ નેશનલ્સ (SDN) યાદી અપડેટ કરી હતી. ભારતમાં રાજદૂત સર્જિયો ગોરે તાજેતરમાં જણાવ્યું હતું કે ટ્રેડ ડીલ લગભગ પૂર્ણ થઈ ગયો છે, જેમાં માત્ર ૧ ટકા કામ બાકી છે. આ બધી કંપનીઓને એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૦૨૪ હેઠળ યાદીમાં ઉમેરવામાં આવી હતી. આમાં RRG એન્જિનિયરિંગ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ અને લોકેશ મશીન્સ લિમિટેડ, અમદાવાદ સ્થિત ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ અને શૌર્ય એરોનોટિક્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. OFAC, વિદેશી સંપત્તિ નિયંત્રણ કાર્યાલય, કંપનીઓ અને વ્યક્તિઓની યાદી બહાર પાડે છે. આ યાદીમાં એવા લોકોના નામ શામેલ છે જેઓ પ્રતિબંધિત દેશો દ્વારા નિયંત્રિત, માલિકી ધરાવતા અથવા તેમના માટે કામ કરતા હોય છે. આ વ્યક્તિઓ અથવા કંપનીઓને SDN તરીકે ઓળખવામાં આવે છે.

મંગળવારે, વિભાગે જાહેરાત કરી હતી કે OFACએ તેનો અહેવાલ બહાર પાડ્યો છે. નોંધનીય છે કે, નવી યાદીમાં ૯ કંપનીઓ ઉમેરવામાં આવી છે, જેમાંથી મોટાભાગની મેક્સીકન કંપનીઓ છે. યાદીમાંથી ફક્ત ચાર કંપનીઓને દૂર કરવામાં આવી છે, જે બધી ભારતીય છે. ટેરિફ લાગુ થયા પછી, યુએસ સરકારે રશિયાના મુદ્દા પર સતત ભારતને નિશાન બનાવ્યું છે. નોંધનીય છે કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો, જે વિશ્વમાં સૌથી વધુ છે. જો કે, આ રકમ ઘટાડવા અંગે લાંબી ચર્ચા થઈ હતી. તે સમયે તેમણે આ ફી માટે રશિયન તેલની ખરીદીને જવાબદાર ઠેરવી હતી.

### કેન્દ્ર માટે ખુશખબર

# ખાલી જુન મહિનામાં જ સરકારને મળ્યાં રૂપિયા ૧.૯૪ લાખ કરોડ

## આ મહિનામાં પણ જીએસટી કલેક્શનમા બંપર ઉછાળો

નવી દિલ્હી, તા.૧

જુન મહિનામાં જીએસટીની આવક ૧,૯૪,૮૧૨ કરોડ રુપિયા રહી છે જે ગત મહિના કરતાં ૧૩ ટકા વધુ છે. લોકોએ પણ મન મૂકીને જીએસટી ભર્યો હોવાનું લાગી રહ્યું છે.

સરકારી આંકડા મુજબ, જૂન મહિનામાં કુલ સ્થાનિક આવક વાર્ષિક ધોરણે ૬.૫ ટકા વધીને ૧૩૪,૭૭૪ કરોડ થઈ છે જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૨૬,૫૦૫ કરોડ હતી.જો આપણે રાજ્યોની વાત કરીએ તો, જૂન મહિનામાં જીએસટી વસૂલાતમાં ઉત્તર પ્રદેશ અને આસામ સૌથી આગળ હતા.આયાતી માલ પરના કરવેરાથી આવકમાં સૌથી મોટો ઉછાળો આવ્યો, જે ગયા વર્ષે જૂનમાં ૪૪,૬૦૮ કરોડ (આશરે $1.2 બિલિયન ડોલર) થી ૩૪.૬% વધીને ૬૦,૦૩૮ કરોડ (આશરે $1.2 બિલિયન ડોલર) થયો. સ્થાનિક વેપાર સંગ્રહ જૂનમાં વાર્ષિક ધોરણે ૬.૫% વધીને ૧૩૪,૭૭૪ કરોડ (આશરે $1.2 બિલિયન ડોલર) થયો જે ૧૨૬,૫૦૫ કરોડ (આશરે ઈં૧.૨ બિલિયન ડોલર) હતો. ચોખ્ખી GST આવક જૂનમાં ૧૧.૨% વધીને ૧૬૨,૩૭૭ કરોડ (આશરે ઈં૧.૬૨ બિલિયન ડોલર) થઈ જે એક વર્ષ અગાઉ ૧૪૫,૯૮૪ કરોડ (આશરે $1.45 બિલિયન ડોલર) હતી. કુલ રિફંડ ૨૯.૧% વધીને ૩૨,૪૩૬ કરોડ (આશરે $3.2 બિલિયન ડોલર) થયું.

### ૬૬ જાતિ OBC ક્વોટાથી બહાર

# ઓબીસી જ્ઞાતિઓની યાદીને અપાયેલી વૈધાનિક માન્યતાને સંપૂર્ણપણે રદ

## ૭૭ મુસ્લિમ સમુદાયોને OBC યાદીમાંથી બહાર કરાયા છે : કલકત્તા હાઈકોર્ટના આદેશ બાદ આ નિર્ણય લેવાયો

કોલકાતા, તા.૧

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં અન્ય પછાત વર્ગ (OBC) અનામતના કાનૂની માળખામાં મોટા ફેરફાર કરતા બે મહત્વપૂર્ણ સુધારા બિલ પસાર કરવામાં આવ્યા છે. આ નવા કાયદા હેઠળ પશ્ચિમ બંગાળ પછાત વર્ગ આયોગને વધુ સત્તા આપવામાં આવી છે, જ્યારે અગાઉની તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકારના શાસનકાળ દરમિયાન ઓબીસી જ્ઞાતિઓની યાદીને અપાયેલી વૈધાનિક માન્યતાને સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. નવી વ્યવસ્થા અનુસાર, હવે રાજ્યમાં એસસી (SC) અને એસટી (ST) સિવાયના માત્ર ૬૬ વિશિષ્ટ સમુદાયોને જ ઓબીસી કોટાનો લાભ મળશે. આ નવા કાયદા હેઠળ ૭૭ મુસ્લિમ સમુદાયોને ઓબીસી યાદીમાંથી બહાર કરી દેવાયા છે. જે કલકત્તા હાઈકોર્ટના મે ૨૦૨૪ના આદેશના પાલન અંતર્ગત લેવાયેલો મોટો નિર્ણય છે.

નવા નિયમો મુજબ, હવે પશ્ચિમ બંગાળમાં માત્ર ૬૬ જ્ઞાતિઓ જ ઓબીસી અનામતના દાયરામાં રહેશે, જેમાં ૫૪ હિન્દુ અને ૧૨ મુસ્લિમ સમુદાયોનો સમાવેશ થાય છે. પછાત વર્ગ કલ્યાણ મંત્રી ગૌરીશંકર ઘોષે વિધાનસભામાં પશ્ચિમ બંગાળ પછાત વર્ગ (સેવાઓ અને પદોમાં જગ્યાઓનું અનામત) (સુધારા) વિધેયક, ૨૦૨૬ અને પશ્ચિમ બંગાળ પછાત વર્ગ આયોગ (સુધારા) વિધેયક, ૨૦૨૬ રજૂ કર્યા હતા. જેને ગૃહમાં મતદાન પ્રક્રિયા બાદ બહુમતીથી પસાર કરાયા હતા.

આ સુધારાનો મુખ્ય હેતુ મમતા સરકારે ૨૦૧૨માં કરેલા ફેરફારોને ઉલટાવવાનો છે. અગાઉ ઓબીસી કેટેગરી-એ હેઠળ ૬૫ અને કેટેગરી-બી હેઠળ ૭૮ સમુદાયોની યાદી હતી, જેને હવે કાનૂની રીતે નાબૂદ કરવામાં આવી છે. મંત્રી ગૌરીશંકર ઘોષે જણાવ્યું કે, સરકારે ચૂંટણી ઢંઢેરામાં આપેલું વચન પૂરું કરીને ૧૯૯૩ની મૂળ ઓબીસી યાદીને પુનઃસ્થાપિત કરી છે.

સુધારેલા કાયદા મુજબ, રાજ્ય સરકાર પછાત વર્ગ આયોગની સલાહથી ઓબીસી અનામતની ટકાવારી નક્કી કરશે, પરંતુ અનામતની કુલ મર્યાદા ૫૦ ટકાથી વધુ નહીં હોય. હવેથી આયોગની ભલામણો સરકાર માટે બંધનકર્તા રહેશે.

આ અગાઉ, મે ૨૦૨૪માં કલકત્તા હાઈકોર્ટે ૨૦૧૦ પછી ઈશ્યુ થયેલા તમામ ઓબીસી સર્ટિફિકેટ રદ કર્યા હતા, કારણ કે તત્કાલીન સરકારે આયોગને બાયપાસ કરીને જ્ઞાતિઓ ઉમેરી હતી. મે મહિનામાં સત્તા સંભાળ્યા બાદ નવી ભાજપ સરકારે રાજ્યમાં ૬૬ ઓબીસી વર્ગો માટે અનામત ૧૭% થી ઘટાડીને ૭% કરી દીધું હતું. વિધાનસભામાં મતદાન (ડિવિઝન) દરમિયાન આ બિલની તરફેણમાં ૧૮૬ વોટ પડ્યા હતા, જ્યારે વિરોધમાં માત્ર ૧૭ વોટ નોંધાયા હતા અને ૬ સભ્યો મતદાનથી અલિપ્ત રહ્યા હતા.

# અમરેલી ખાતે કવિ હર્ષદ ચંદારાણાની કવિતા કેન્દ્રિત ઉપક્રમ ભાવવાહી માહોલમાં સંપન્ન






અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડયા પ્રેરિત અને વરિષ્ઠ સર્જક ઉમેશભાઈ જોષી પ્રોત્સાહિત અમરેલીના ગૌરવવંતા કવિ હર્ષદ ચંદારાણાની કવિતા કેન્દ્રિત ઉપક્રમ "હેત છલકે છે નામમાં કેવું !" શીર્ષક તળે તારીખ ૨૮/૬/૨૦૨૬ના રોજ અમરેલી ખાતે આયોજિત કરવામાં આવેલ. પ્રારંભે ડો. કાલિન્દી પરીખ દ્વારા પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. કુ.આરાધ્યા શુકલએ હર્ષદ ચંદારાણાની પ્રાર્થના ગઝલ પઠનથી શુકનવંતો પ્રારંભ કરાવ્યો હતો. મેને. ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ સહુનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. સ્થાપક પ્રમુખ ડો પ્રતાપભાઈ પંડયાનો સાહિત્યિક હેતુ રજૂ કરી સંસ્થા પ્રવૃતિની વાત કરી હતી. જાણીતા કવયિત્રી, વાર્તાકાર પારૂલ ખખ્ખર એ વિશેષ વકતારૂપે હર્ષદ ચંદારાણાની સમગ્ર કવિતાના વિધવિધ પડાવની વિશદ છણાવટ કરી એમની સર્જકતાને સુપેરે ઉજાગર કરી આપી હતી. પરેશ મહેતા એ કવિ સાથેના સાહિત્યિક સ્મરણો અને વ્યકિતત્વ પર પ્રાસંગિક અભિવ્યકિત રજૂ કરી હતી. કવિ કેતન જોષી અને અલ્પા રાવલ દ્વારા કવિની પસંદ કરેલ કવિતાઓનું ભાવવાહી પઠન કરી રસતરબોળ કર્યા હતા. આ અવસરે ઉપસ્થિત અમરેલી પંથકના કવિઓ સર્વ બાલકિશન જોગી, હરજીવન દાફડા, પારૂલ ખખ્ખર, કેતન કાનપરિયા, કેતન જોષી, કાલિન્દી પરીખ, નવીન જોશી, સતીશ દવે, હાર્દિક વ્યાસ, ગોપાલ ધકાણ, મુકેશ જોગી, અગન રાજયગુરૂ, અલ્પા રાવલ, શીલા મહેતા, કનુભાઈ લીંબાસિયા વગેરેએ કાવ્યપાઠ કરી જાણે કે કવિ હર્ષદ ચંદારાણાની યાદને કાવ્યાભિષેક કરવામાં આવ્યો હતો. સમગ્ર ઉપક્રમનું સુચારૂ અને ગરિમાપૂર્ણ સંચાલન ડો. કાલિન્દી પરીખ અને ઉત્સાહી પ્રાધ્યાપક ડો. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ કેતન જોષી એ કરી હતી. આ અવસરે વિશેષ રૂપે ઉપસ્થિત સર્જક, ભાવક સર્વ રવજીભાઈ કાચા, સ્નેહી પરમાર, ફિરોઝ હસનાની, સંજીવ ધારૈયા, ચેતના બાજક, વર્ષાબેન જોશી, ડો. ગોપી રાઠોડ, સલીમ શેખ, રોહિણીબેન જોષી, ચિંતન સોની, સુભાષભાઈ વ્યાસ, વિમલ પટેલ, ઉમેશ ચાવડા, અભિષેક ઠાકર, પ્રવિણભાઈ અભરામપરા, રિયાઝ વેરસિયા, ઈતેષ મહેતા, અશોકભાઈ જોશી, સી. ડી.ગોંડલીયા, કોકિલાબેન ગોંડલીયા, જીતુભાઈ જોટાસણા, કે.પી. પંડયા, યોગેશ ભટ્ટ, માલતીબેન પંડયા, ભારતીબેન પંડયા, મનીષ રામાણી, હિતુભાઈ ઉપાધ્યાય, સુરેશભાઈ મહેતા સહિત સહુએ ઉપક્રમને રસપુર્વક માણ્યો હતો. સાહિત્યિક માહોલમાં ભાવવિભોર થયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના ટ્રસ્ટીઓ અને શુભેચ્છકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### પ્રમુખ તુષારભાઈ રામાણીનાં અધ્યક્ષસ્થાને

# બાબરા ખાતે તાલુકા પંચાયતમાં તાલુકા ભાજપનાં પ્રમુખ સુરેશભાઈ વાઘેલાનું સન્માન

## જનસેવા અને સંગઠનને મજબુત કરવાનો સંકલ્પ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરા તાલુકા ભાજપના નવ નિયુક્ત પ્રમુખ સુરેશભાઈ વાઘેલાની નિમણૂકને પગલે સમગ્ર તાલુકામાં ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં હર્ષ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અવસરે બાબરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણીના અધ્યક્ષસ્થાને નવ નિયુક્ત તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલાના સન્માન અને આવકારનો કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખ સહિત તમામ સભ્યોએ પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરીને સુરેશભાઈ વાઘેલાનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું તેમજ તેમની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સુરેશભાઈ વાઘેલાના નેતૃત્વમાં તાલુકા ભાજપનું સંગઠન વધુ મજબૂત બનશે અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી વધુ અસરકારક રીતે પહોંચશે.અત્રે ઉલ્લેખનીય છે કે તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અમરશીભાઈ વાઘેલા તાજેતરમાં યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વિજયી બન્યા બાદ તેમણે તાલુકા ભાજપ પ્રમુખનું પદ છોડયું હતું. તેમની સાથે તાલુકા ભાજપના મહામંત્રી તરીકે સક્રિયપણે સંગઠનની જવાબદારી નિભાવતા સુરેશભાઈ વાઘેલાની કાર્યનિષ્ઠા, સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતા અને લાંબા સમયથી આપેલી સેવાઓને માન્યતા આપતાં ભારતીય જનતા પાર્ટીએ તેમને તાલુકા ભાજપ પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે.આ સન્માન સમારોહમાં તાલુકા પંચાયતના પ્રમુખ તુષાર ભાઈ રામાણી, જિલ્લા પંચાયતના સભ્ય અમરશીભાઈ વાઘેલા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ, સભ્ય અજિતભાઈ ખોખરીયા, વિપુલભાઈ કાચેલા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, બાબરા નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, ગલકોટડી ગામના સરપંચ વાસુરભાઈ ચૌહાણ સહિત તાલુકા પંચાયતના સભ્યો, ભાજપના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ અંતે તમામ ઉપસ્થિતોએ નવ નિયુક્ત તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલાને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના નેતૃત્વમાં સંગઠન વધુ સશક્ત બની વિકાસ અને જનસેવાનાકાર્યોને નવી ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# જિલ્લાની સંવેદનશીલ વહીવટી પ્રક્રિયાએ ૮૦ વર્ષીય વિધવાના જીવનમાં ફરી ભરી આશા

## ખાંભા તાલુકા વહીવટી તંત્રની માનવીય પહેલથી હવાબેન સમાને મળ્યું અંત્યોદય રેશનકાર્ડ

અમરેલી, તા. ૧

સરકારી યોજનાઓનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે, જયારે તેનો લાભ સમાજના અંતિમ છેડે ઉભેલા જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં વહીવટી તંત્રે આવી જ એક સંવેદનશીલ અને માનવતાભરી કામગીરી કરીને ૮૦ વર્ષથી વધુ ઉંમરના એકલા રહેતા વિધવા મહિલાને ફરીથી જાહેર વિતરણ પ્રણાલીની મુખ્યધારામાં જોડયા છે.ખાંભા તાલુકાના ખડાધાર ગામે રહેતા હવાબહેન અલ્લારખભાઈ સમા છેલ્લા લગભગ એક વર્ષથી રેશનકાર્ડ ખોવાઈ જવાને કારણે સરકારી અનાજથી વંચિત રહ્યા હતા. વૃદ્ધાવસ્થા, એકલવાયું જીવન અને મોબાઈલ ફોન ન હોવાના કારણે તેમનું e-KYC પણ થઈ શકતું ન હોવાથી નવી પ્રક્રિયા પૂર્ણ કરવામાં અનેક મુશ્કેલીઓ ઉભી થઈ હતી.આ બાબતની જાણ થતાં ખાંભા તાલુકા વહીવટી તંત્રે સમગ્ર મામલાને સંવેદનશીલતાથી હાથ ધર્યો. સૌપ્રથમ હવાબેનનું આધાર કાર્ડ અપડેટ કરાવવામાં આવ્યું અને તેમની પૌત્રીનો મોબાઈલ નંબર નોંધાવી જરૂરી e-KYCની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરાવવામાં આવી. હવાબહેન વિધવા હોવાથી તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેમનું રેશનકાર્ડ અંત્યોદય અન્ન યોજના હેઠળ પરિવર્તિત કરવાની કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવી. પરિણામે હવે તેમને દર મહિને નિયમિત રીતે ૩૫ કિલો અનાજ મળતું રહેશે, જે તેમના જીવનનિર્વાહ માટે મહત્વપૂર્ણ આધાર બનશે.ખાંભા તાલુકા વહીવટી તંત્રે મામલતદાર ભાલોડીના નેતૃત્વમાં કરેલી આ કામગીરી માત્ર એક સરકારી પ્રક્રિયા પૂરતી મર્યાદિત નથી, પરંતુ સંવેદનશીલ, જવાબદાર અને જનકેન્દ્રિત વહીવટનું ઉત્તમ ઉદાહરણ પણ છે. જરૂરિયાતમંદ વ્યકિત સુધી યોજનાનો લાભ પહોંચે તે જ જાહેર સેવાનું સાચું ધ્યેય છે, અને આ પહેલ એ ભાવનાને સાર્થક કરતી પ્રેરણાદાયી ઘટના બની છે.

### સમાજ અને સિંહ વચ્ચેનું સાયુજય જાળવવા જરૂરી પગલા ભરો

# અમરેલીમાં તખુભાઈ સાંડસુરના નેતૃત્વમાં સંવાદ કાર્યક્રમ યોજાયો

## સિંહનાં જીવનમાં થતી માનવ દખલ અટકાવવી જરૂરી



અમરેલી, ૧

અમરેલી જિલ્લામાં માનવીઓ ઉપર સિંહ દ્વારા થતા હુમલોઓ અંગે અમરેલી ખાતે તા. ર૯ના રોજ પર્યાવરણ ચિંતન બેઠકનું આયોજન ગુર્જરી પર્યાવરણ ટ્રસ્ટના નેજા હેઠળ કરવામાં આવ્યું. જેમાં વિશેષ કરીને તાજેતરમાં બનેલી માનવ અને સિંહ વચ્ચેની ઘર્ષણ ઘટનાઓને ધ્યાનમાં લઈને 'સિંહના બદલાયેલા વર્તન' વિષય પર સંવાદ કરવામાં આવ્યો.

આ બેઠકના પ્રારંભમાં સિંહ દ્વારા કરાયેલા હુમલામાં મૃત્યુ પામનાર સૌ મૃતાત્માઓ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પર્યાવરણવિદ તખુભાઈ સાંડસુરે જણાવ્યું હતું કે, માનવ જિંદગીઓ મૂલ્યવાન છે. કૃષિ અને અન્ય ગૃહ ઉદ્યોગોને અસર કરનાર સિંહોના માનવ હુમલાના ઘટનાક્રમને નજર અંદાજ કરી શકાય નહીં. તેથી વન વિભાગ અને સમાજના વિવિધ અગ્રણીઓને સાથે રાખીને સિંહના વર્તન માટે અભ્યાસ થવો જોઈએ. આ બેઠક આ પ્રકારની સાયુજયપુર્ણ સંવેદનાને જોડવા કડીરૂપ બનવા માંગે છે.

જીવશાસ્ત્રી બીપીનભાઈ જોશીએ સિંહના વર્તનમાં આવેલા બદલાવ માટે શરીરમાંથી ક્રોધથી કોર્ટીઝો તત્વ ઝરવાના કારણને જવાબદાર ગણાવ્યું હતું. સિંહ વિશેષજ્ઞ મંગળુભાઈ ખુમાણે પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલો સતત વધારો આવા હુમલા માટે કારણભૂત હોવાનું તારણ વ્યકત કર્યુ હતું.

સિંહ દોસ્ત હસમુખભાઈ પટેલ જેનું બાળપણ સિંહ સાથે વિત્યું છે. તેમણે અનુભવ શેર કરતાં કહ્યું કે સિંહના જીવનને કોઈને કોઈ રીતે માનવીય ખલેલ પહોંચી રહી છે, તેને અટકાવવી જોઈએ. રમેશભાઈ ચૌહાણ કે જેઓ માનવ અને સિંહ વચ્ચેના સંબંધો પર સંશોધન કરી રહ્યા છે. તેમણે પણ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. સિંહના અસ્તિત્વ માટે સમાજની સ્વીકૃતિને જરૂરી ગણવામાં આવી

આ બેઠકમાં પર્યાવરણ પ્રેમીઓ વર્ષાબેન જોશી, ડો. ભારતીબેન બોરડ, જીલુભાઈ વાળા, સંજયભાઈ મકવાણા, દિવ્યાબેન સોજીત્રા, હરેશભાઈ સોડવડિયા સહિતના પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વીબીજી રામજી ગ્રામીણ યોજના ફાળવણી આધારિત છે, માંગ આધારિત નથી

# મોદી સરકારે "મનરેગા"નાં કામનાં અધિકારને ૬૦ દિવસનાં બ્લોક આઉટ અને રાજયો પર ૪૦ ટકા બોજથી બદલી નાખ્યુ

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતાં ડો. મનિષ દોશીની આકરી પ્રતિક્રિયા


અમદાવાદા, તા. ૧

મોદી સરકારે પહેલી જુલાઈથી વીબીજી રામજી ગ્રામીણ યોજના હેઠળ મજૂરી દરો જાહેર કરીને ગ્રામીણ ભારત પર તેનો સૌથી મોટો અને ક્રૂર હુમલો કર્યો છે. જેનાથી રોજગારની દેશની સૌથી મોટી ગરીબી–નિવારણ યોજના મનરેગાને ખતમ કરી દીધી છે. જે રોજગારનો સંવૈધાનિક અધિકાર હતો, તેને હવે શરતો, બ્લેકઆઉટ અને બોજમાં ફેરવી દેવામાં આવી છે ત્યારે આ વિકસિત ભારત નથી, ગામડાઓ અને મજૂરોનો વિનાશ છે તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે ૨૦૨૪ના ચૂંટણીમાં રૂ. ૪૦૦ પ્રતિ દિવસની રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરીની ગેરંટી આપી હતી, તેમ છતાં મોદી સરકારે મજૂરોના મોં પર થપ્પડ મારતાં માત્ર રૂ. ૩૦૦ પ્રતિ દિવસની મજૂરી નક્કી કરી છે. આ મજૂરી સુધારો નથી, મજૂરોનું શોષણ અને અપમાન છે. આ યોજના વાસ્તવમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA)ને સમાપ્ત કરીને તેના સ્થાને કેન્દ્ર નિયંત્રિત અને ફાળવણી આધારિત કાર્યક્રમ લાવે છે. નવી વ્યવસ્થા ગ્રામિણ પરિવારોને મળતી કાયદેસરની રોજગાર ગેરંટી નાબૂદ કરે છે અને કામદારોના અધિકારોને નબળા બનાવે છે. હવે રોજગાર વાસ્તવિક માંગને આધારે નહીં પરંતુ અગાઉથી મંજૂર થયેલી બજેટ ફાળવણી પર નિર્ભર રહેશે. આજે દેશ માટે સૌથી દુઃખદ દિવસ છે, કારણ કે ભાજપ સરકારે આજથી મનરેગા જેવી માંગ આધારિત રોજગાર ગેરંટી વ્યવસ્થાને બંધ કરી દીધી છે. નવી યોજના હેઠળ ખાસ કરીને ગરીબ અને વધુ ગ્રામિણ બેરોજગારી ધરાવતા રાજયોને નાણાકીય મર્યાદાઓના કારણે રોજગાર સર્જન ઘટાડવાની ફરજ પડી શકે છે. ખેતીની ઋતુ દરમિયાન જાહેર કામો બંધ કરવાથી ગ્રામિણ મજૂરોની સોદાબાજીની શકિત ઘટી જશે અને તેઓ ખાનગી નોકરી દાતાઓ દ્વારા આપવામાં આવતા ઓછા વેતન સ્વીકારવા મજબૂર બનશે. નવી વ્યવસ્થા હેઠળ ગ્રામસભા અને ગ્રામ પંચાયતની વિકાસ કાર્યો ઓળખવાની અને પ્રાથમિકતા નક્કી કરવાની ભૂમિકા નબળી પડશે.

સૌથી ચિંતાજનક જોગવાઈ ૬૦ દિવસનું બ્લેકઆઉટ છે. વાવણી અને લણણીના સૌથી મહત્વના સીઝનમાં સરકારે જ ૬૦ દિવસ કામ બંધ રાખવાનું પ્રાવધાન કર્યુ છે. જયારે મજૂરોને સૌથી વધુ કામની જરૂર હોય છે, ત્યારે તેમને કામથી વંચિત રાખવામાં આવશે. આ મહિલા મજૂરો, ભૂમિહીન મજૂરો, અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને બક્ષીપંચ (ઓબીસી) સમુદાયો પર સીધો હુમલો છે. કેન્દ્રની ડો. મનમોહનસિંઘજીના વડાપ્રધાન હેઠળ કોંગ્રેસની સરકારે પહેલાં ૧૦૦ ટકા મજૂરીનો ખર્ચ ઉઠાવતું હતું, હવે રાજયોને ૪૦ ટકા બોજ થોપી દેવામાં આવ્યો છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં ૩૪ રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોના રૂ. ૧૭,૧૪૪ કરોડ બાકી છે, જેમાં માત્ર મજૂરીના રૂ. ૭,૮૪૬ કરોડ સામેલ છે. કર્ણાટક, ઝારખંડ, તેલંગાણા, ગુજરાત અને તમિલનાડુના મજૂરો આજે પણ પોતાના હકના પૈસા માટે તરસી રહ્યા છે. સમગ્ર દેશમાં જૂનમાં ૪૨ ટકા ઓછો વરસાદ અને ખરીફ વાવણીમાં ૨૨.૭ ટકા ઘટાડાની વચ્ચે આ યોજના ગ્રામીણ સંકટને વધુ ગંભીર બનાવશે. હાલ ગુજરાતમાં તમામ મનરેગા અધિકારીઓનો છેલ્લા પાંચ થી છ માસનો પગાર બાકી છે અને કયારે ચુકવાશે તે અંગે કોઈ જવાબ મળતો નથી.

કોંગ્રેસ સરકારે દેશને કામના અધિકાર આપ્યો હતો. મોદી સરકારે તેને ભીખ માંગવાના અધિકારમાં ફેરવી દીધો છે શરતો સાથે, બ્લેકઆઉટ સાથે અને કેન્દ્રની જવાબદારી ઘટાડીને. આ કોઈ સુધારો નથી, આ ગરીબો પર બદલો છે, આ મજૂર વિરોધી નીતિ છે, આ ગામડાં વિરોધી નીતિ છે. મોદી સરકાર પાસે માંગ છે કે, વીબીજી રામજી ગ્રામીણ યોજના મજૂર વિરોધી યોજના તરત જ પાછી ખેંચવામાં આવે, તમામ લાંબા સમયથી બાકીનું ચુકવણું તરત કરવામાં આવે, ૧૦૦ ટકા કેન્દ્રીય ફંડિંગ પુનઃસ્થાપિત કરવામાં આવે, ૬૦ દિવસનું બ્લેકઆઉટ પ્રાવધાન રદ કરવામાં આવે, રૂ. ૪૦૦ પ્રતિ દિવસની વાસ્તવિક રાષ્ટ્રીય ન્યૂનતમ મજૂરી લાગુ કરવામાં આવે, જયાં સુધી આ ન થાય, ત્યાં સુધી દરેક ગામ અને દરેક મજૂર યાદ રાખશે, મોદી સરકાર શહેરો માટે સપના લાવી અને ગામડાંઓ માટે અંધકાર છોડી ગઈ.

# લીલીયા મોટા ખાતે આવેલ સરકારી કોલેજ સંત કબીરની વાણીથી ગુંજી ઉઠી






લીલીયા કોલેજનું પ્રાંગણમાં કબીર જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખાતે હિન્દી વિભાગ દ્વારા મહાન સંત કવિ, સમાજ સુધારક અને આધ્યાત્મિક વિચારક સંત કબીરદાસજીની જન્મ જયંતિ નિમિત્તે "કબીર જયંતિ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન અને પ્રેરણાથી હિન્દી વિભાગના પ્રાધ્યાપક ડો. મહેશ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓને સંત કબીરના જીવન, સાહિત્ય, આધ્યાત્મિક વિચારધારા અને માનવતા વાદી સંદેશ સાથે પરિચિત કરવાનો હતો. આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક ડો. શબ્બીર પરમારે પોતાના પ્રેરણાદાયી વ્યાખ્યાનમાં સંત કબીરના જીવનચરિત્ર, આધ્યાત્મિક સાધના, સામાજિક ચેતના અને માનવતા વાદી દષ્ટિકોણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે સંત કબીર માત્ર એક કવિ જ નહોતા, પરંતુ તેઓ એક ક્રાંતિકારી વિચારક અને સમાજ સુધારક પણ હતા. તેમણે પોતાના દોહાઓ અને વાણી દ્વારા સમાજમાં વ્યાપ્ત જાતિભેદ, અંધશ્રદ્ધા, પાખંડ અને અસમાનતા સામે સશકત અવાજ ઉઠાવ્યો હતો. ડો. પરમારે ભારપૂર્વક જણાવ્યું કે કબીરના વિચારો આજે પણ માનવજાતને પ્રેમ, સહિષ્ણુતા, સમાનતા અને સત્યના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડો. ભરત ખેનીએ પોતાના ઉદ્દ્બોધનમાં સંત કબીરના પ્રસિદ્ધ દોહાઓનું સુંદર, સરળ અને અર્થસભર વિશ્લેષણ રજૂ કર્યુ હતું. તેમણે કબીરના દોહાઓમાં રહેલા જીવનદર્શન, નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક ચિંતન અને વ્યવહારિક જ્ઞાનને રસપ્રદ ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે કબીરની વાણી માનવ જીવનને યોગ્ય દિશા આપનાર દીવાદાંડી સમાન છે. તેમના વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓમાં કબીર સાહિત્ય અને ભારતીય સંત પરંપરા પ્રત્યે વિશેષ રસ અને જિજ્ઞાસા જાગી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કબીરના વિવિધ દોહાઓનું પઠન કરવામાં આવ્યું હતું તેમજ તેમના ભાવાર્થની અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. દોહાઓના અર્થ અને તેમના આધુનિક જીવનમાં રહેલા મહત્વને સમજાવતાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો પણ વ્યકત કર્યા હતા. આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓમાં સાહિત્યિક અભિવ્યકિત, વિચારશકિત અને મૂલ્યનિષ્ઠ જીવન પ્રત્યે જાગૃતિ લાવવાનું કાર્ય કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આધ્યાત્મિકતા, જ્ઞાન, માનવતા અને સામાજિક સમરસતાના મૂલ્યોનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સંત કબીરના વિચારોને આજના સમયમાં પણ એટલા જ પ્રેરણાદાયી અને માર્ગદર્શક ગણાવ્યા હતા. કાર્યક્રમે વિદ્યાર્થીઓને માત્ર સાહિત્યિક જ્ઞાન જ નહીં, પરંતુ માનવ જીવનને વધુ અર્થપૂર્ણ અને મૂલ્યલક્ષી બનાવવાનો સંદેશ પણ આપ્યો હતો. કાર્યક્રમના અંતે હિન્દી વિભાગના પ્રાધ્યાપક ડો. મહેશ વાઘેલાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો, પ્રાધ્યાપકગણ, કર્મચારી મિત્રો તથા વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે કોલેજના પ્રાધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. "કબીર જયંતિ મહોત્સવ" જ્ઞાનપ્રદ, પ્રેરણાદાયી અને મૂલ્યલક્ષી કાર્યક્રમ તરીકે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલીનાં ગજેરા કેમ્પસ ખાતે "ડોકટર્સ ડે" નિમિત્તે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો









તા. ૧ જુલાઈ રાષ્ટ્રીય ડોકટર દિવસ નિમિત્તે શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, અમરેલી ખાતે વિદ્યાર્થીઓ માટે વિશાળ નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પનું આયોજન શાંતાબા જનરલ હોસ્પિટલ તથા લાયન્સ કલબ અમરેલી મેઈનના સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન આંખ, દાંત સહિત વિવિધ આરોગ્ય સંબંધિત નિષ્ણાંત તબીબો દ્વારા વિદ્યાર્થીઓનું આરોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન ખૂબ જ સુચારૂ અને વ્યવસ્થિત રીતે સંપન્ન થયું હતું. આ કેમ્પનો લાભ કેમ્પસના હજારો વિદ્યાર્થીઓએ લીધો હતો. નિદાન દરમિયાન જે વિદ્યાર્થીઓમાં વધુ સારવારની જરૂરિયાત જણાઈ હતી, તેઓને આગામી સમયમાં જરૂરી તમામ સારવાર શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા સંપૂર્ણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તથા મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરાએ ડોકટરો, લાયન્સ કલબ અમરેલી મેઈનના હોદ્દેદારો, સ્વયંસેવકો અને સમગ્ર આયોજનમાં જોડાયેલા તમામ ટીમ સભ્યોને અભિનંદન પાઠવી તેમની સેવાભાવનાને બિરદાવી હતી. કાર્યક્રમમાં કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભૂવા, જયસુખભાઈ સોરઠિયા, રાજુભાઈ પરમાર, ગોરધનભાઈ માંદલિયા, જતિનભાઈ સુખડિયા, રાજેશભાઈ ઝાલાવાડિયા, જતિનભાઈ કોટડિયા, ઘનશ્યામભાઈ હપાણી, ઘનશ્યામભાઈ શિંગાળા, ઉમેશભાઈ કાનાણી, કૌશિકભાઈ ભુવા, દિનેશભાઈ હિરપરા, કૌશિકભાઈ હપાણી, વિજયભાઈ રાદડિયા, અશોકભાઈ વોરા, દિવ્યેશભાઈ તળાવિયા, જે.ડી. સાવલિયા, નાનુભાઈ તળાવિયા, હિતેશભાઈ સોલંકી, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, શાળાના આચાર્યો, શિક્ષકો, હોસ્ટેલ સ્ટાફ, શાંતાબા જનરલ હોસ્પિટલના તબીબો, લાયન્સ કલબ અમરેલી મેઈનના હોદદેદારો તથા સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓના સર્વાંગી આરોગ્ય અને સુખાકારી પ્રત્યે સંસ્થાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતો આ આરોગ્ય નિદાન કેમ્પ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અત્યંત લાભદાયી સાબિત થયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાંથી ચોરી થયેલ બાઈકને

સ્ટેશનના પોલીસ ઈન્સપે. એમ.એમ. ઝાલાની સુચના હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમને ગુન્હો ડીટેકટ કરવા સારૂ જરૂરી માર્ગદર્શન આપવામા આવેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ ટીમ દ્વારા કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલીની મદદથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે અમરેલીના જેસીંગપરાના રામપરા વિસ્તારમાં રહેતા કેતનભાઈ કાળુભાઈ ભોજવીયા નામના ઈસમને સ્કૂટર સાથે પકડી પાડી ગુન્હોનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાના નાગરિકોને

નિરીક્ષકની કચેરી સરવે ભવન, રાજમહેલ કમ્પાઉન્ડ, પ્રથમ માળ, મુ. અમરેલી પીન કોડ નં. ૩૬૫૬૦૧, બગસરા તાલુકા જમીન દફતર નિરીક્ષક, જૂની નગરપાલિકા, બાપા સિતારામ ચોક, અમરેલી રોડ, મુ. બગસરા પીન કોડ નં. ૩૬૫૪૪૦, વડિયા તાલુકા જમીન દફતર નિરીક્ષક, મામલતદાર કચેરી, જેતપુર રોડ, વડીયા, પીન કોડ નં. ૩૬૪૨૭૦, લાઠી તાલુકા જમીન દફતર નિરીક્ષક, નવી પ્રાંત કચેરી, અમરેલી, ચાવંડ રોડ, બસ સ્ટેશન પાસે, પીન કોડ નં. ૩૬૫૪૩૦, બાબરા તાલુકા જમીન દફતર નિરીક્ષક, જૂની નગરપાલિકા બિલ્ડીંગ, રાજકોટ–ભાવનગર હાઈવે, મામલતદાર કચેરી, મેઈન બજાર, મુ. બાબરા, પીન નં. ૩૬૫૪૨૧, સાવરકુંડલા તાલુકા જમીન દફતર નિરીક્ષક, જૂની નગરપાલિકા બિલ્ડીંગ, મેઈન બજાર, દરબારગઢ, એસબીઆઈ બેંક પાસે, પીન કોડ નં. ૩૬૪૫૧૫, લીલીયા તાલુકા જમીન દફતર નિરીક્ષક, રાજમહેલ, મામલતદાર કચેરી પાસે, લીલીયા મોટ, પીન. નં. ૩૬૪૫૧૫, ધારી તાલુકા જમીન દફતર નિરીક્ષક, નવી પ્રાંત કચેરી, ધારી રોડ, પીન નં. ૩૬૫૬૪૦, ખાંભા તાલુકા જમીન દફતર નિરીક્ષક, મામલતદાર કચેરી, પ્રથમ માળ, પીન નં. ૩૬૫૬૫૦, રાજુલા તાલુકા જમીન દફતર નિરીક્ષક, હિંડોરણા ચોકડી, રાજુલા બાયપાસ રોડ, નવી પ્રાંત કચેરી, મુ. રાજુલા પીન નં. ૩૬૫૫૬૦, જાફરાબાદ તાલુકા જમીન દફતર નિરીક્ષક સરકારી કવાર્ટસ મામલતદાર કચેરી પાસે, પીન નં. ૩૬૫૫૪૦ અરજદારોને તાલુકા કક્ષાએ સીટી સર્વેની કામગીરી, જમીન માપણી, રી–સરવે સુધારા, રિમાન્ડ કેસની મુદ્તો, રેકર્ડની નકલો, પીઆર કાર્ડની નકલ, સ્વામિત્વ યોજના હેઠળના પ્રોપર્ટી કાર્ડની કામગીરી, ડી.આઈ.એલ આર કચેરી, સિટી સરવે સુપ્રિટેન્ડેન્ટની કચેરીને લગત તમામ કામગીરી હવે તાલુકા કક્ષાએ થશે તેમ સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૩૦ | ૧૨૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૧ | ૪૭૫ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૩૯ |
| ૪ | તુવેર | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૫ | ધાણા | ૧૭૦૦ | ૩૦૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૬૦ |
| ૭ | તલ કાળા | ૨૫૬૦ | ૨૯૬૦ |
| ૮ | શીંગદાણા | ૧૩૫૦ | ૨૦૦૦ |
| ૯ | શીંગ ફાડા | ૧૫૨૫ | ૧૫૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૧૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૯૫ | ૨૦૮૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૦૬૫ | ૧૭૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૫૦ |
| ૫ | તલ કાળા | ૨૨૩૦ | ૪૦૭૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૯૫ |
| ૭ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| ૮ | જુવાર | ૪૭૫ | ૧૧૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૫ |
| ૧૧ | મગ | ૧૧૬૦ | ૧૬૭૦ |
| ૧૨ | અડદ | ૭૪૦ | ૧૫૩૫ |
| ૧૩ | ચણા | ૯૭૫ | ૧૧૫૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૫૫ | ૧૦૯૫ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૭૦ | ૧૦૯૦ |
| ૧૬ | તુવેર | ૮૦૦ | ૧૪૨૫ |
| ૧૭ | કપાસ | ૧૦૫૦ | ૧૯૪૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ૧૯ | જીરૂ | ૩૬૨૦ | ૩૯૪૫ |
| ૨૦ | રાય | ૧૦૦૦ | ૧૫૮૫ |
| ૨૧ | ગમ ગુવાર | ૯૦૫ | ૯૦૫ |
| ૨૨ | ધાણી | ૨૨૦૦ | ૨૮૬૫ |
| ૨૩ | અજમા | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૨૪ | મેથી | ૧૦૩૦ | ૧૩૪૫ |
| ૨૫ | સોયાબીન | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ૨૬ | રનકાનું બી | ૨૦૦૦ | ૭૪૦૦ |

## ખેડૂતોએ જુવારના પાકમાં સંકલિત રોગ જીવાત વ્યવસ્થાપન અંગે વાવણી પહેલા અને વાવણી સમયે પગલા લેવા

અમરેલી, તા. ૧

ખેડૂતોએ જુવારનો પાક લેતા પહેલા અગાઉના પાકના જડ, મૂળ અને થડ વગેરે અવશેષો વીણી લઈ તેનો નાશ કરવો અને ખેતર સ્વચ્છ બનાવવું. રોગમુકત અને રોગ પ્રતિકારક જાતો વાવવી. જુવારમાં સાંઠાની માખીનો ઉપદ્રવ ઘટાડવા માટે વાવણી લાયક વરસાદ થયા પછી વાવણી શકય બને તેમ વહેલી કરવી જોઈએ. ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અથવા ચોળા આંતરપાક તરીકે વાવવા. નાઈટ્રોજન ખાતરનો ભલામણ પ્રમાણે ઉપયોગ કરવો અને પાકની ફેર બદલી કરવી. જીવાતોના કુદરતી દુશ્મનોનું અભયારણ્ય બનાવવાથી પણ જીવાતોના કુદરતી દુશ્મનોની વસ્તી વધે છે, આ માટે ૦.૨૦ હેકટર વિસ્તારમાં જુદી–જુદી વનસ્પતિઓ જેવી કે રજકો, કેશિયા, શેના, કપાસ, મકાઈ અને અન્ય ફૂલ આવતા છોડ વાવી શકાય.

આગિયાનો ઉપદ્રવ ઘટાડવા અન્ય વર્ગ (કઠોળ/ તેલીબિયાં)ના પાક સાથે ફેરબદલી કરવી અને કાતરાના ઉપદ્રવથી બચાવવા માટે પાકની ફરતે શણનું વાવેતર કરવાની ભલામણ છે. સાંઠાની માખીનો વધુ ઉપદ્રવ ધરાવતા વિસ્તારોમાં બીજનો દર વધુ (૧૦ થી ૧૨ કિ.ગ્રા. પ્રતિ હે.) પ્રમાણે રાખવો. જુવારમાં મધિયો રોગના નિયંત્રણ માટે બીજને ૫ ટકા મીઠાના દ્રાવણમાં અડધા કલાક માટે ડુબાડી રાખવા અને ઉપર તરવા લાગેલ રોગીષ્ટ દાણાને વીણી લઈ નાશ કરવો.

પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત મેળવીને ૧ એકર જમીનમાં નાખવું. જુવારમાં કાજલ સડો રોગનો ઉપદ્રવ થતો હોય તેવા વિસ્તારોમાં ઓગસ્ટના પ્રથમ અઠવાડિયામાં વાવણી કરવી અથવા જુવારની વાવણી વખતે ચાસમાં ૨૦ કિ.ગ્રા. છાણિયા ખાતરમાં ૧ કિ.ગ્રા. ટ્રાઈકોડર્મા પાવડર મેળવી છંટકાવ કરવો અથવા જુવારની વાવણી વખતે ચાસમાં હેકટર દીઠ ૫ કિ. ગ્રા. પ્રમાણે થાયરમ આપવું. જીવાત નિયંત્રણ માટે બીજ માવજત તરીકે થાયોમેથોકઝામ ૩૦% એફ.એસ. ૩ ગ્રામ અથવા ૧૦ ગ્રામ ઈમીડાકલોપ્રીડ ૪૮% એફ.એસ પ્રતિ કિલો પ્રમાણે બધા જ બીજને દિવેલ સાથે મેળવ્યા બાદ પટ આપવો.

ખેતરમાં પૂંછડે ચાર ટપકાં વાળી લશ્કરી ઈયળ (ફોલ આર્મીવોર્મ) નો ઉપદ્રવ વધુ રહેતો હોય તો પાકની શરૂઆતની અવસ્થામાં ૨ થી ૩ અઠવાડિયા સુધી આ જીવાતથી પાકને રક્ષણ આપવા માટે એક કિલોગ્રામ બીજ દીઠ ૬ મીલી સાયએન્ટ્રાનિલીપ્રોલ ૧૯.૮ ટકા + થાયોમેથોકઝામ ૧૯.૮ ટકા એફ.એસ. દવાથી બીજ માવજત આપ્યા બાદ જ વાવણી કરવી જોઈએ.

જુવારનો અંગારિયો રોગના નિયંત્રણ માટે વાવતા પહેલા એક કિ.ગ્રા. બીજ દીઠ ૪ ગ્રામ પ્રમાણે બીજને ગંધકનો પટ આપવો, નુકશાન પામેલ કણસલા કાપી તેનો નાશ કરવો. બીજને ગંધક તથા થાયરમ (૩ થી ૪ ગ્રામ/કિલો બીજ)નો પટ આપવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી ગજેરા મધુભાઈ બાવચંદભાઈ
રહે. શેડુભાર, તા.જી. અમરેલી.

અપીલ રજી નં. ૧૪૦/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.શેડુભાર, તા.જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં અરજદારશ્રી **ગજેરા મધુભાઈ બાવચંદભાઈ** તેઓના પુત્ર **અરવિંદભાઈ મધુભાઈ ગજેરા**ની જન્મ (તા.૧૫/૧૨/૧૯૮૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૮–૦૬–૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૨૦ | ૧૪૯૨ |
| ૨ | શીંગ દાણા | ૧૬૫૦ | ૨૨૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૭૦ |
| ૪ | તલ કાળા | ૩૦૫૦ | ૩૮૨૫ |
| ૫ | જીરૂ | ૩૪૫૧ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૬૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૮૫ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૬૮૦ |
| ૧૨ | અડદ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૧૬ | એરંડી | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | રાય/રાયડો | – | ૧૬૦૦ |
| ૧૮ | ધાણા | ૨૯૦૦ | ૩૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## રેલ્વે સ્ટેશનને તોડવાના નિર્ણય સામે રોષ

વધુમાં જણાવેલ છે કે, રેલ્વેના અધિકારી અને બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરી કરતી એજન્સીની અણઆવડત અને બેદરકારીથી રેલ્વે સ્ટેશન તોડવુ પડે તેવી આશંકા છે. કારણ કે ખીજડીયાથી આવતી બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરી ગંભીરતાપૂર્વક થઈ નથી કોઈ પ્રકારે આયોજન થયુ ન હોવાથી રેલ્વે સ્ટેશન સુધી જે રીતે લાઈન પહોંચી છે તે જોતા ગંભીર પ્રકારની બેદરકારી જોવા મળે છે અને એટલા માટે જ રેલ્વે સ્ટેશન તોડવુ પડે તેમ લાગે છે.

વધુમાં જણાવ્યું કે, રેલ્વે સ્ટેશનને કોઈ પણ સંજોગોમાં તોડવા દેવામાં આવશે નહી. રેલ્વે લાઈન લગાવવામાં જે ક્ષતિ રહી ગઈ છે તેમાં સુધારો કરવો પડે તો ભલે કરવો પડે પરંતુ, રેલ્વે સ્ટેશનને દૂર કરવાનો નિર્ણય થશે તો રેલ્વે મંત્રીને રજૂઆત કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં ભટ્ટવદર ગામે

સવા સાતેક વાગ્યે મજુરી કામ કરી અને પોતાનુ મોટર સાયકલ લઈ અને તેમના ઘરે પરત ફરતા હતા. ત્યારે રસ્તામાં ભટવદર ગામના ગોબરભાઈની વાડી પાસે પહોંચતા પોતાની મોટર સાઈકલમાં પેટ્રોલ ખાલી થઈ જતા યુવકે તેમના પિતા જેસિંગભાઈને ફોન કરી અને પેટ્રોલ આપવા બોલાવેલ હતા. જેથી જેસિંગભાઈ પેટ્રોલ લઈ આવી ગયેલ હતા અને મોટર સાયકલમાં પેટ્રોલ પુરતા હતા તે દરમિયાન જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે રહેતા મનસુખભાઈ ગોવિંદભાઈ વાઘેલા, હમીરભાઈ ગોવિંદભાઈ વાઘેલા, નાનજીભાઈ હમીરભાઈ વાઘેલા, જેન્તીભાઈ હમીરભાઈ વાઘેલા, જીવાભાઈ હમીરભાઈ વાઘેલા તથા પેથાભાઈ મનસુખભાઈ વાઘેલા નામના ૬ આરોપીઓ એકસંપ કરી તેના હાથમાં લોખંડની ટી, ધારીયા અને લાકડાના ધોકા જેવા હથીયારો લઈ બાવળની કાટમાંથી બહાર આવી ગયેલ અને આરોપીઓએ યુવકને કહેલ કે તે ત્રણ વર્ષ પહેલા મારી સાથે બોલાચાલી અને મારામારી કરેલ હતી તોય હજી તને ઓછી હવા થઈ નથી તેમ કહી યુવકને ગાળો આપવા લાગેલ. જેથી યુવકના પિતા જેસિંગભાઈએ આરોપીઓને ગાળો નહિ આપવા સમજાવતા હતા. આ દરમિયાન તમામ આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ યુવકને લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારી માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હતી. જેથી યુવક નીચે પડી જતા યુવકના પિતા વચ્ચે પડતા આરોપીઓએ તેમને પણ માથાના ભાગે ધારીયા વડે એક ઘા મારી માથાના ભાગે ગંભીર ઈજા કરેલ હતી. તે દરમ્યાન આરોપીઓએ લાકડાના ધોકા વડે યુવક તથા તેમના પિતાને મુંઢ માર મારી યુવકના બન્ને પગના ઘુટીના ભાગે ફેકચર કરી તથા તેમના પિતાને ડાબા હાથના અંગુઠા અને આંગળીના ભાગે ફેકચર કરી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### શ્રી ભેંસવડી ગ્રામ પંચાયત કચેરી
### મુ. ભેંસવડી, તા. લીલીયા, જી. અમરેલી, ૩૬૫૫૩૫

### :: જાહેર હરરાજી ::

આથી જાહેર સર્વે હરરાજીમાં રસ ધરાવતા લોકોને જણાવવાનું કે ભેંસવડી ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર કોડ નં. ૨૯ ના મકાનના કાટમાળ સહિત જાહેર હરરાજી કરવાની હોવાથી નીચેની વિગતે જાહેર હરરાજી માટે ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા વિનંતી.

તારીખ : ૦૮/૦૭/૨૦૨૬, બુધવાર
સ્થળ : ગ્રામ પંચાયત કચેરી ભેંસવડી
સમય : સવારે ૧૧:૦૦ કલાકે

હરરાજીની શરતો અને વધુ વિગતો માટે ગ્રામ પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

**સરપંચશ્રી**
**ભેંસવડી ગ્રામ પંચાયત**
**મુ. ભેંસવડી, તા. લીલીયા,**
**જિ. અમરેલી**

**તલાટી કમ મંત્રીશ્રી**
**ભેંસવડી ગ્રામ પંચાયત**
**મુ. ભેંસવડી, તા. લીલીયા,**
**જિ. અમરેલી**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૧૧૨૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૪ | ૫૦૦ |
| ૪ | મેથી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૪૧ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૭ | ચણા | ૮૦૦ | ૧૧૩૧ |
| ૮ | બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| ૯ | ધાણા | ૧૫૦૦ | ૨૫૧૧ |
| ૧૦ | કલોંજી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | વાલ | ૭૭૦ | ૭૭૦ |
| ૧૨ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૧૩ | તલ સફેદ | ૨૩૪૫ | ૨૪૯૫ |
| ૧૪ | એરંડી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૧૫ | લસણ | ૯૬૦ | ૧૨૦૦ |
| ૧૬ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૭ | તલ કાળા | ૧૭૫૦ | ૩૩૪૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તાર ઉપર

અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી લોકો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. ત્યારે આજે અમરેલી પંથકમાં આજે ૧૨ દિવસ પછી દોઢ ઈંચ વરસાદ વરસી જતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સાથોસાથ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

રાજુલા તાલુકામાં મેઘમહેર વચ્ચે ચોત્રા ગામે ધોધમાર વરસાદના કારણે રાયડી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. નદી બે કાંઠે વહેતી થતાં ગામના પશુપાલક ધકડાભાઈના અંદાજે ૧૫થી ૨૦ બકરાઓ પૂરના પ્રવાહમાં ફસાઈ તણાઈ ગયા હતા. બકરાઓને બચાવવા માટે પશુપાલક પોતે પણ પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા. જોકે, ગામલોકોની સમયસરની બહાદુરી અને સતર્કતાના કારણે પશુપાલકનો હેમખેમ બચાવ કરવામાં આવ્યો હતો. પ્રથમ જ વરસાદમાં રાયડી નદીમાં આવેલા ઘોડાપૂરને જોવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડયા હતા.

રાજુલા શહેર ઉપરાંત તાલુકાના પીપાવાવ, ખાખબાઈ, છતડીયા, હિંડોરણા, કાતર, કોટડી, બારપટોળી, ખેરા, પટવા, સમઢિયાળા, વડ અને કડિયાળી સહિતના ગામોમાં સારો વરસાદ વરસ્યો હતો. પીપાવાવ પોર્ટ વિસ્તારમાં પણ વરસાદ નોંધાયો હતો.

જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા–ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. કાગવદર, મીઠાપુર, દુધાળા, હેમાળ, લોર, ફાચરીયા, માણસા અને પાટી માણસા ગામોમાં સારો વરસાદ પડયો હતો. પાટી માણસા ગામે ભાડીયો નદીમાં પણ પાણી વહેતા થયાં હતા.

ખાંભા ગીર પંથકમાં ખાંભા શહેર ઉપરાંત તાલડા, ચોત્રા, ત્રાકુડા અને ભાવરડી સહિતના ગામોમાં વરસાદ વરસતાં ગીરના ખેતરો પાણીથી તરબતર થઈ ગયા હતા. વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

અમરેલી શહેરમાં પણ ધોધમાર વરસાદને કારણે મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

બગસરા તાલુકામાં સતત બીજા દિવસે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. બગસરા શહેર ઉપરાંત મોટા મુંજયાસર, ડેરી પીપળીયા સહિતના ગામોમાં વરસાદ નોંધાતા ખેડૂતોમાં સારા ચોમાસાની આશા વધુ મજબૂત બની છે.

વડીયા તાલુકામાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી. વડીયા શહેર ઉપરાંત અરજણસુખ, અનિડા, ઉજળા, ખાખરીયા અને મોટા ઉજળા ગામોમાં વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા હતા અને ખેડૂતોમાં ખુશહાલીનો માહોલ જોવા મળ્યો હતો.

જિલ્લાના રાજુલા–જાફરાબાદના કોસ્ટલ બેલ્ટથી લઈને ખાંભા ગીર પંથક, બગસરા, વડીયા અને અમરેલી શહેર સુધી મેઘરાજાની મહેરથી સમગ્ર જિલ્લામાં ચોમાસાનું વાતાવરણ જામ્યું છે. વરસાદથી જળાશયો અને નદીઓમાં નવા નીરની આવક શરૂ થતાં ખેડૂતો સહિત સામાન્ય નાગરિકોમાં પણ રાહત અને આનંદની લાગણી વ્યાપી છે.

અમરેલી જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા દરમિયાન અમરેલીમાં ૩૭ મી.મી., કુંકાવાવ–વડિયામાં ૩૦ મી.મી., લાઠી ૭ મી.મી., લીલીયા ૨૪ મી.મી., બગસરા ૫૨ મી.મી., ધારી ૧ મી.મી., ખાંભા ૩ મી.મી., જાફરાબાદ ૩ મી.મી., રાજુલા ૪૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

**બગસરા**

બગસરાના તેમજ આજુબાજુ ગામોમાં જેવા કે હડાળા, ડેરીપીંપરીયા, માવજીંજવા જેવા ગામોમાં ધોધમાર વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા તેમજ હોકળીઓ બે કાંઠે આવી ગઈ હતી. જયારે બગસરા શહેરમાં બે ઈંચ વરસાદ પાડવા છતાં નદી નાળામાં પાણી આવેલ નથી. પરંતુ જગતનો તાત જે મીટ માંડીને વરસાદની આતુરતાથી રાહ જોઈ રહેલ હતો તેમના ચહેરામાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. જોકે હાલ હજી પણ વરસાદ ધીમી ધારે વર્ષી રહેલ છે. ઉપર વાસના ગામડાઓ વરસાદના કારણે નાના નાના હોકલામા પણ પાણી આવી ગયા છે.

બપોરના સમય દરમિયાન પડી રહેલ વરસાદ સાંજે ૬ કલાક સુધીના સત્તાવાર વરસાદના આંકડા પ્રમાણે ૫૧ એમ.એમ. નોધાયેલ છે.

કોરોના કાળ સંકુલ સિધ્ધી
ડેઈલી ઓનલાઈન ફૂલ ડે ટીચીંગ
સ્ટુડન્ટ્સને 25% ફી માફ
સ્ટાફને હપ્તે પગાર ચુકતે
ચાર વર્ષ સુધી ફી વધારો નહી
ફી સિવાય અન્ય કોઈ ફી નહી
કાર્ય સિધ્ધી સૌને આભારી
સ્ટાફ સ્ટુડન્ટ્સને ખાસ આભારી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 116

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૪૫ | ૨૪૭૬ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૩૬૮૦ |
| ૪ | કપાસ | ૧૧૨૫ | ૧૭૦૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૭ |
| ૭ | જુવાર | ૬૨૬ | ૧૧૭૮ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૫૧૫ | ૧૬૬૧ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૭૮૦ |
| ૧૧ | ચણા | ૫૪૦ | ૧૧૩૫ |
| ૧૨ | સોયાબીન | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૭૭૦ | ૧૭૭૦ |

# સમગ્ર દેશના ખેડૂતોને કેન્દ્રની પાક વીમા યોજનાનો લાભ મળે છે જ્યારે

# ગુજરાતના ખેડૂતોને કેન્દ્રની પાક વીમા યોજનાનો લાભ મળતો નથી

**કેન્દ્રના કૃષિમંત્રીએ ૨૫-નવે.૨૦૨૫ નાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને યોજના શરૂ કરવા લખ્યુ છતાં યોજના શરૂ ન થઈ**

**ગુજરાતની ભાજપ સરકારનું ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ કરવાનું કાવતરૂ હોવાનો આક્ષેપ કરાયો**


**ગુજરાતના ખેડૂતોને વર્ષ-૨૦૧૯/૨૦ થી લાભથી શા માટે વંચિત રાખ્યા? કોણ જવાબદાર ?**

**કોંગ્રેસના પૂર્વ સાંસદ શકિતસિંહ ગોહિલે કૃષિમંત્રીના પત્રની નકલ પણ મીડિયાને સોંપી**

અમરેલી, તા. ૧

ગુજરાતના વરિષ્ઠ કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ સાસંદ શકિતસિંહ ગોહિલે કેન્દ્રની પાકવીમા યોજનાને લઈને મહત્વનો ખુલાશો કર્યો છે.

તેઓએ જણાવ્યું કે ભાજપની જ કેન્દ્ર સરકારના કૃષિ મંત્રીએ ગુજરાત સરકારને પત્ર લખીને જણાવ્યું છે કે,ગુજરાતની ભાજપ સરકારે ૨૦૧૯ – ૨૦ થી ખેડૂતોની પાક વિમા યોજના (PMFBY) બંધ કરી દીધી છે જેથી કુદરતી આફતના સમયે ગુજરાતનાં ખેડૂતોને કોઈ લાભ કેન્દ્ર સરકાર તરફથી મળ્યો નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા શક્તિસિંહ ગોહિલે ભાજપની કેન્દ્ર સરકારના કૃષિ મંત્રીના પત્રોની નકલ પ્રેસ મીડિયાને રજુ કરી હતી. આ પત્રમાં સ્પષ્ટ રીતે શક્તિસિંહ ગોહિલને જણાવ્યું છે કે, તમે તા.૫/૧૨/૨૦૨૫ ના રોજ સંસદ (રાજયસભા) માં ઝીરો અવર્સમાં મુદ્દો ઉઠાવીને જણાવ્યું હતું કે, ગુજરાતમાં અતિભારે વરસાદના કારણે ખેડૂતોને પારાવાર નુકસાન થયેલ છે તેને કેન્દ્ર સરકારે વળતર આપવું જોઈએ પરંતુ ગુજરાતની સરકારે ખેડૂતોની કેન્દ્રની પાક વિમા યોજના (PMFBY) નો ૨૦૧૯–૨૦ થી અસ્વીકાર કર્યો હોવાથી ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકાર કોઈ વળતર આપી શકે તેમ નથી. વધુમાં પત્રમાં લખ્યું છે કે, ખરેખર કેન્દ્રની ખેડૂતોની પાક વિમા યોજના (PMFBY) ખુબ જ ઉપયોગી યોજના છે. જેમાં વાવણીથી લઈને તૈયાર પાકને કોઈ પણ નુકસાન થાય તો ખેડૂતોને પૂરેપૂરૂ વળતર મળી શકે છે. ગુજરાતની ભાજપની સરકારે કેન્દ્રની જ ભાજપની સરકારની ખેડૂત પાક વિમા યોજનાનો અસ્વીકાર કરેલ હોવાથી ગુજરાતના ખેડૂતોને અતિશય નુકસાન વેઠવું પડે છે. કેન્દ્રના કેબિનેટ કૃષિ મંત્રીએ તા.૨૫/૧૧/૨૫ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખેલ અને જણાવેલ કે દેશના લગભગ તમામ રાજયો કેન્દ્રની ખેડૂત પાક વિમા યોજના (PMFBY)નો લાભ લઈ રહ્યા છે. કમોસમી વરસાદ, કુદરતી આફતો અને અતિવૃષ્ટિના સમયે ખેડૂતો ને ખુબ જ લાભ આ વિમાથી મળે છે માટે ગુજરાત સરકાર તાત્કાલિક ખેડૂત પાક વિમા યોજના શરૂ કરે આમ છતાં આજ સુધી ગુજરાતમાં આ યોજના શરૂ કરવામાં આવી નથી. જો આ વિમા યોજના ગુજરાત સરકારે સ્વીકારી હોત તો ગયા વર્ષે જે ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું તેમને પૂરે પૂરૂં વળતર મળી શકયું હોત. આ યોજના ન હોવાથી ખેડૂતોને પારાવાર નુકસાન સામે માત્ર મર્યાદિત હેકટર માટે સાવ નજીવી રકમ ગુજરાત સરકાર તરફથી મળી હતી જે બિયારણ અને વાવેતરના ખર્ચ જેટલી પણ ન હોતી.


राम नाथ ठाकुर
RAM NATH THAKUR
राज्य मंत्री
कृषि एवं किसान कल्याण
भारत सरकार
Minister of State For Agriculture & Farmers Welfare
Government of India
D.O. No..........MOS(A&FW)/VIP/
दिनांक: 31 जनवरी, 2026

शिवराज सिंह चौहान
SHIVRAJ SINGH CHOUHAN

आदरणीय श्री भूपेंद्र पटेल जी,

श्री भूपेंद्र पटेल,
माननीय मुख्यमंत्री, गुजरात,
स्वर्णिम संकुल-1, तीसरी मंज़िल,
नया सचिवालय, सेक्टर-10,
गांधीनगर, गुजरात - 382 010

(शिवराज सिंह चौहान)

Agriculture & Farmers' Welfare Minister's Office : 120, Krishi Bhawan, New Delhi-110 001

કેન્દ્રીય કૃષિ મંત્રીએ પોતાના પત્રમાં ગુજરાતના મુખ્યમંત્રીને લખ્યું છે કે, ખેડૂતોની પાક વિમા યોજના (PMFBY)માં ખેડૂતોના તમામ પાકને આવરી લઈને શાકભાજી તથા વૃક્ષોના નુકશાન માટે પણ સહાયની યોજના છે.કોંગ્રેસ પક્ષે સરકાર પાસે માંગણી કરી છે કે, (૧) ગુજરાતની સરકારે ખેડૂતોને કેન્દ્રની વિનંતી છતાં શા માટે પાક વિમા યોજનાથી વંચિત રાખ્યા? તેનો જવાબ આપે અને ખેડૂતોની માફી માંગે. ગતવર્ષે ખેડૂતોને જે નુકસાન થયેલ તેનું મર્યાદિત વળતર આપ્યું છે તેના બદલે પૂરેપૂરૂ વળતર આપે. (૨) હવે જયારે વરસાદ ખેંચાયો છે અને અલનીનોની અસરના કારણે ખેડૂતોને નુકસાન જવાની શકયતા છે ત્યારે કેન્દ્રની ખેડૂતો માટેની પાક વિમા યોજના (PMFBY) તાત્કાલિક ગુજરાતમાં લાગુ કરવામાં આવે. (૩) દેશના તમામ રાજયોએ આ યોજના નીચે ખેડૂતોને અઢળક લાભ આપ્યો છે ત્યારે ગુજરાતના ખેડૂતો ૨૦૧૯–૨૦ થી લાભથી શા માટે વંચિત રખાયા ? કોણ જવાબદાર છે? (૪) કેન્દ્રીય કૃષિ મંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રીને તા.૨૫/૧૧/૨૫ના જે પત્ર લખ્યો છે તેમાં યોજનાના અનેક લાભ ખેડૂતો માટે દર્શાવ્યા છે તેમ છતા ગુજરાત સરકારે આ યોજના કેમ લાગુ ન કરી? શું કેન્દ્રીય મંત્રી અથવા કેન્દ્ર સરકાર જુઠી છે? આ અંગે સરકાર ખુલાસો કરે.

---

**રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત**

## બાબરા ખાતે સિવિલ હોસ્પિટલ ખાતે પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો

**પાલિકા પ્રમુખ બાળકોને પોલિયોના ટીપા પીવરાવ્યા**

બાબરા, તા. ૧

રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પોલિયો બુથનો પ્રારંભ નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ અવસરે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયાએ જણાવ્યું હતું કે, ‘‘બાળકો દેશનું ભવિષ્ય છે. તેમને પોલિયો જેવા ગંભીર રોગથી સુરક્ષિત રાખવાની જવાબદારી સમાજના દરેક વાલીની છે. સરકાર દ્વારા ચલાવવામાં આવતા રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાનમાં દરેક પરિવારે સક્રિય સહભાગી બની પોતાના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા જોઈએ. એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે તે જ આપણા સૌનો સંકલ્પ હોવો જોઈએ.’’ તેમણે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી રહેલી સેવાભાવી કામગીરીને પણ બિરદાવી હતી.આ કાર્યક્રમમાં નગરપાલિકાના ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, કારોબારી ચેરમેન ભરતભાઈ રંગપરા, અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડો. ભાવેશ તાગડિયા, અન્ય તબીબો, આરોગ્ય વિભાગના અધિકારીઓ, નર્સિંગ સ્ટાફ, આશા વર્કરો તથા આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવા માટે હાજર રહ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા સુવ્યવસ્થિત આયોજન સાથે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ‘‘દરેક બાળક સુધી પોલિયોની





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

રસી – પોલિયોમુકત ભારત તરફ મજબૂત પગલું’’ના સંકલ્પને સાકાર કરવાનો રહ્યો હતો.અંતમાં આરોગ્ય વિભાગ દ્વારા તમામ વાલીઓને અપીલ કરવામાં આવી હતી કે, પોલિયો રસીકરણ અભિયાન દરમિયાન પોતાના ૦ થી ૫ વર્ષના દરેક બાળકને નજીકના પોલિયો બુથ પર લઈ જઈ રસીના ટીપાં અવશ્ય પીવડાવે અને પોલિયોમુકત ભારતના નિર્માણમાં સહભાગી બને.

## ખાંભા તાલુકામાં મધ્યાહ ભોજન કેન્દ્રમાં સંચાલક કમકુકની આવશ્યકતા

અમરેલી, તા. ૧

પી.એમ પોષણ (મપ્રયાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના ખાંભા તાલુકાના ભાડ પ્રાથમિક શાળા, ધાવડીયા પ્રાથમિક શાળા, નાનુડી પ્રાથમિક શાળા, સમઢ ીયાળા–૨ પ્રાથમિક શાળા પી.એમ. પોષણ (મ.ભ.યો) કેન્દ્રોમાં સંચાલક–કમ–કુકની આવશ્યકતા છે, જેમને માનદ વેતન ચૂકવવામાં આવશે.

પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન ખાંભા તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવું. આ અરજી ફોર્મ જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા.૮/૭/૨૦૨૬ બપોરે ૧૪.૦૦ કલાક સુધીમાં મામલતદાર કચેરી, ખાંભાની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. ઉંમર મર્યાદા જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષ હોવી જોઈએ.

વધુ માહિતી પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) મામલતદાર કચેરી, ખાંભાનો સંપર્ક કરવો તેમ મામલતદાર, ખાંભાએ એક યાદીમાં જણાવ્યું છે.

---

**આશાપુરા નારાયણ દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા**

## ગાધકડા ગામે ૯૨૦ વિદ્યાર્થીઓને નોટબુક અને ૫૦૦૦ પાઠ્યપુસ્તકોનું વિતરણ

**વાલીઓ અને બાળકોમાં ખુશીનો માહોલ**





સાવરકુંડલા, તા.૧

કહેવાય છે કે જે હાથ સેવામાં જોડાય છે તે ઈશ્વરની સૌથી નજીક હોય છે. આવો જ એક હૃદયસ્પર્શી અને માનવતાની મહેક ફેલાવતો સેવાયજ્ઞ સાવરકુંડલા તાલુકાના ઐતિહાસિક અને પવિત્ર ગાધકડા ગામે આશાપુરા નારાયણ દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા આકાર પામ્યો છે. અંતરિયાળ ગ્રામીણ વિસ્તારનું કોઈ બાળક આર્થિક સંકડામણને કારણે શિક્ષણના અધિકારથી વંચિત ન રહી જાય અને તેના હાથમાં રહેલી કલમ કયારેય અટકે નહીં, તેવા પરમ કલ્યાણકારી આશય સાથે મંદિર ટ્રસ્ટ દ્વારા દીકરા–દીકરીઓને શૈક્ષણિક સામગ્રીનું અણમોલ પ્રદાન કરવામાં આવ્યું હતું.

નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે જયારે માસૂમ બાળકોના ચહેરા પર ભણવાનો એક નવો ઉમંગ હોય છે, ત્યારે તેમની આ આશાને પાંખો આપવા આશાપુરા નારાયણ દેવી મંદિર ટ્રસ્ટે ઉદાર હાથે વહાલ વરસાવ્યું છે. ટ્રસ્ટ દ્વારા ગામના અંદાજે ૯૨૦ જેટલા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વહાલપૂર્વક નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આ ગરીબ અને મદયમવર્ગીય પરિવારોના બાળકોના સવભા પરથી મોંઘા ભણતરનો બોજ હળવો કરવા માટે હાજરમાં જ ૫૦૦૦ જેટલા પાઠયપુસ્તકોનું પણ વિતરણ કરી દેવાયું હતું. જયારે કોઈ બાળકના હાથમાં નવીકોરી નોટબુક અને પુસ્તક આવે છે ત્યારે તેના ચહેરા પર ખીલતું સ્મિત કોઈ દૈવી આનંદથી ઓછું નથી હોતું અને આવો જ માહોલ ગાધકડા ગામના આંગણે સર્જાયો હતો.

મા આશાપુરા નારાયણ દેવીના સાનિધ્યમાં માત્ર ધાર્મિક અનુષ્ઠાનો જ નહીં, પરંતુ માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતી આ પ્રવૃત્તિ જોઈને ઉપસ્થિત તમામ વાલીઓની આંખોમાં હરખના આંસુ આવી ગયા હતા. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે મંદિરના પૂજનીય સંતો–મહંતો, ટ્રસ્ટના હોદેદારો અને સેવાભાવી યુવાનોએ રાત–દિવસ જોયા વગર જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટ દ્વારા કરાયેલી આ પ્રશંસનીય કામગીરીને સમગ્ર ગ્રામજનો અને પંથકે આવકારી હતી. તેવું હાર્દિક ચંદારાણાએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

---

**પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ ભાવનગર ઝોન હેઠળ**

## દામનગર પાલિકા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો અંતર્ગત વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો

**કચરાના વૈજ્ઞાનિક નિકાલ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો**

અમરેલી, તા. ૧

નવા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો (SWM Rules) ૨૦૨૬ અને નામદાર સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અંતર્ગત શેઠ એમ.સી. મહેતા હાઈસ્કુલ ખાતે પદાધિકારીઓ, સફાઈ કામદારો અને શહેરીજનો માટે એક દિવસીય ખાસ તાલીમ વર્ગ યોજાયો હતો. કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર (SSK) પોર્ટલ પર ડિજિટલ મોનિટરિંગ અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું.

ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા સમગ્ર રાજયમાં તારીખ ૧/૪/૨૦૨૬થી અમલમાં મૂકવામાં આવેલા ‘ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૨૬’ અને નામદાર સુપ્રીમ કોર્ટના આદેશોના કડક અમલીકરણના ભાગરૂપે, પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ (ભાવનગર ઝોન)ના માર્ગદર્શન હેઠળ આજે તારીખ ૨૪ જૂન ૨૦૨૬ના રોજ દામનગર નગરપાલિકા દ્વારા એક વિશેષ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ, વિવિધ સમિતિના ચેરમેનઓ, ચૂંટાયેલા પદાધિકારીઓ, સભ્યો, મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર), સેનેટરી ઈન્સ્પેકટર્સ, સુપરવાઈઝર્સ, સફાઈ કામદારો તેમજ સ્થાનિક નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય તાલીમ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ સહભાગીઓને વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલ અને સુનિયોજિત વ્યવસ્થાપન અંગે વિગતવાર માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે SWM રૂલ્સ–૨૦૨૬ નો વિગતવાર પરિચય, શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સોંપવામાં આવેલ કાનૂની જવાબદારીઓ, તેમજ સામાન્ય નાગરિકો (Waste Generators) અને મોટા વ્યવસાયિક એકમો (Bulk Waste Generators) દ્વારા કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવા અંગેની ફરજો સમજાવવામાં આવી હતી.

આ ઉપરાંત, સ્વચ્છતા ઝુંબેશને વધુ વેગ આપવા માટે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની મુખ્ય પ્રેરક (Lead Facilitators) તરીકેની સક્રિય ભૂમિકા અને સેનેટરી વર્કર્સ તેમજ સુપરવાઈઝર્સની રોજિંદી કામગીરી અને સુરક્ષા જેવા મહત્વના મુદાઓ પર સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું ડિજિટલ મોનિટરિંગ થાય તે હેતુથી નિયમ અનુસાર તાલીમના જીઓ–ટેગ (Geo-Tag) ફોટોગ્રાફસ, વીડિયો અને ઉપસ્થિત મહાનુભાવોની યાદી સાથેનો વિગતવાર અહેવાલ ‘સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર’ (SSK)ના પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યો છે, જેની રાજય કક્ષાએથી સીધી સમીક્ષા કરવામાં આવશે.

અંતમાં, નગરપાલિકા પ્રશાસન દ્વારા દામનગર ના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના ઘર અને વ્યવસાયના સ્થળેથી જ ભીનો અને સૂકો કચરો અલગ–અલગ આપીને દામનગરને સંપૂર્ણ સ્વચ્છ અને સુંદર બનાવવામાં પોતાનો અમૂલ્ય સહયોગ આપે. વધુ માહિતી માટે વિભાગ દ્વારા જાહેર કરાયેલ ઘન કચરા વ્યવસ્થાપન નિયમો – ૨૦૨૬ અને નામદાર સુપ્રીમ માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકાશે.





હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત
રોગોનાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : 03/07/૨૦૨૬
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે 9825747203
સમય : સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 9978966629 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

## કેન્દ્ર સરકારે ૧૦૦ વર્ષ જુના રેલ્વે સ્ટેશનને હેરીટેજ–ધરોહર તરીકે જાળવી રાખવાની પોલીસી બનાવી હોવા છતાં

# અમરેલીનાં ૧૦૦ વર્ષ જુના રેલ્વે સ્ટેશનને તોડવાના નિર્ણય સામે રોષ

**પૂર્વ સાંસદ નારણ કાછડીયા અને ભાજપ પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે નિર્ણયમાં ફેરફાર કરવા માંગ કરી**

**બ્રોડગેજ લાઈનનું કામ કરનાર એજન્સી અને રેલ્વેનાં અધિકારીઓની અણઆવડત સામે નારાજગી વ્યક્ત કરી**

**જેતલસર, ખાખરીયા, ચિતલ, લાઠી સહિતનાં જુના રેલ્વે સ્ટેશન સલામત તો અમરેલીનાં રેલ્વે સ્ટેશનને હટાવવાનો નિર્ણય કર્યો કોણે**

**અમરેલીની જનતાને બ્રોડગેજ રેલ્વેની સુવિધા માટે કેટલી રાહ જોવી પડશે તે સમજાતુ નથી**










અમરેલી, તા. ૧

અમરેલીશહેરમાં ૧૧૪વર્ષ પુરાણારેલ્વેસ્ટેશનનુંમકાનતોડીપાડયા વગર બ્રોડગેજ રેલ્વે લાઈન શરૂ કરવી મુશ્કેલહોવાનીચર્ચાવચ્ચેરેલ્વેવિભાગમાં હયાત રેલ્વે સ્ટેશન તોડી પાડવા માટે વિચારણા શરૂ હોય તેવી આશંકા વચ્ચે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ નારાજગી વ્યકત કરી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલછેકે, પ્રધાનમંત્રીનરેન્દ્રમોદીનાં નેતૃત્વમાંચાલતીકેન્દ્રસરકારેનિર્ણયકર્યો છેકે૧૦૦વર્ષજુનાતમામરેલ્વેસ્ટેશનને હેરીટેજ–ધરોહર તરીકે જાળવી રાખવાનીપોલીસેનિર્ધારકરેલછે.

જે અંતર્ગત જેતલસર, ખાખરીયા, ચિતલ, લાઠીસહિતનાંરેલ્વે સ્ટેશન હયાત છે માત્ર અમરેલીનું રેલ્વે સ્ટેશન તોડી પાડવાનો નિર્ણય થશે તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાશે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અર્ધો ડઝન જેટલા ઈસમોએ કર્યો હુમલો

## જાફરાબાદનાં ભટ્ટવદર ગામે યુવક અને તેમના પિતાને આડેધડ માર માર્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧

જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે રહેતા યુવક પોતાના મોટર સાયકલ ઉપર પોતાની પત્નિ સાથે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે રસ્તામાં ૬ જેટલા આરોપીઓએ અગાઉના મનદુઃખના કારણે યુવક તથા તેમના પિતાને આડેધડ માર મારી ગંભીર ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે રહેતા દિવ્યેશભાઈ જેસીંગભાઈ વાઘેલા નામના યુવક તથા તેમના પત્નિ ગત તા. ૨૯ના સાંજના

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ – ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૫/૦૭/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૪

ડો. સાગર લાલાણી – પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ, બાળકોના મગજના રોગો, આંચકી, ખેંચના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૨

ડો. સાગર ધોડાસરા – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧૨

ડો. કૈવંત પટેલ – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો. ધ્રુવ દેસાઈ – પેડિયાટ્રિક ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ, બાળકોના પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૦૨/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સાંજે ૫ થી ૬

ડો. મૌલિક ભડાણીયા – ગેસ્ટ્રોસર્જન, પેટ, આંતરડા, લીવરના સર્જન
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦

ડો. વિશાલ પોપટાણી – કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

ડો. ધવલ તન્ના – રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા. ૦૪/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૬

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ – અમદાવાદ – કાયમી કન્સલ્ટન્ટ

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,28,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)